The Atmanand Prakash. REGISTERED No. B. 431

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

404

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

नैर्मल्यं मानसं च स्वपरहितकृते जायते सत्प्रवृत्तिः
शुद्धं सम्यक्त्वरत्नं गुणगणकिरणैर्भासितं प्राप्यते यत् ।
शुद्ध ज्ञानानुरागो गुरुचरणरतिर्लभ्यते चापि पूर्णा
आत्मानंद प्रकाशे प्रसरति हृदये दुर्लभं किं जनानाम् ॥१॥

पु. १५. } वीर संवत् २४४३ श्रावण. आत्म सं. २२. } अंक १ लो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|---|---|
| ૧ | વર્ષારંભે માંગલ્ય સ્તુતિ. ... | ૧ | ૬ | આસક્તિ રહિત કર્મ. ... | ૧૫ |
| ૨ | ગુરૂસ્તુતિ, આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને આશીર્વચન. ... | ૨ | ૭ | પ્રકીર્ણ ... ... | ૨૨ |
| ૩ | અભિનવ વર્ષના ઉદ્ગારો... | ૨ | ૮ | વર્તમાન સમાચાર. ... | ૨૩ |
| ૪ | જૈન ઐતિહાસિક સાહિત્ય... | ૮ | ૯ | શ્રીમદ્ વિજયાનંદસૂરિ મહારાજા પરિવારમંડળ મુનિઓના ચાતુર્માસ. | ૨૫ |
| ૫ | જૈન શાળાના શિક્ષકો કેવા હોવા જોઇએ ? ... ... | ૧૪ | ૧૦ | ગ્રંથાવલોકન ... ... | ૨૬ |


વાર્ષિક મૂલ્ય રૂા. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

2253

## આ સભાના વાર્ષિક સભાસદોને વિનંતિ.

આપ સર્વેને વિદિત છે કે આ સભાને ૨૧ મું વર્ષ પૂર્ણ થઇ બાવીશમા વર્ષમાં પ્રવેશ થયેલ છે. ગયા વર્ષનું વાર્ષિક લવાજમ વસુલ કરવા ધારા મુજબ ભેટની બુક **શ્રી અનુયોગદ્વાર સૂત્રનો સંક્ષિપ્ત સારાંશ** ચડેલા લવાજમનું વી૦ પી૦ કરી શ્રાવણ વદી ૫ થી ઉપરોક્ત સભાસદોને મોકલવામાં આવશે તો તે સ્વીકારી લઇ આ વર્ષનું અથવા વધારે ચડેલું ; જે લવાજમ હોય તે મહેરબાની કરી આપવા તસ્દી લેવી. આ શહેરના સભાસદોને હાથોહાથ બુકો આપવામાં આવશે.

તા. ક.–ખાસ જણાવવા વિનંતિ કે આ વર્ષે આ સભાના દરેક વાર્ષિક મેમ્બરોને ઉપર લખેલી ભેટની બુક સાથે **શ્રી કુમારપાળ ચરિત્ર** ઇતિહાસિક ગ્રંથ પણ સાથેજ (બે બુકો) ભેટ આપવાની છે તે વિદિત થાય.

---

જલદી મંગાવો.

## સંસ્કૃતના અભ્યાસીઓને એક ઉમદા તક.

**૧ શ્રી ગાંગેય ભંગ પ્રકરણ. ૨ મૃગાંક ચરિત્ર.**

ઉપરના બંને સંસ્કૃત ગ્રંથો ઉંચા એન્ટીક કાગળો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રી ટાઇપમાં છપાઇ હાલમાં પ્રસિદ્ધ થયેલ છે. સંસ્કૃત અભ્યાસીઓને ખાસ ઉપયોગી હોવાથી તેનો સર્વ લાભ લઇ શકે તે હેતુથી કિંમત પ્રથમ ગ્રંથની રૂા. ૦–૨–૬ તથા બીજા ગ્રંથની રૂા. ૦–૧–૬ માત્ર નામની સાધારણ જ રાખેલી છે. પોસ્ટેજ જુદું. શ્રી આત્મવીર સભાએ પ્રસિદ્ધ કરેલ છે જે અમારે ત્યાંથી મળશે.

---

## સંસ્કૃતના અભ્યાસી મુનિ મહારાજોને વિનંતિ.

ભાદરવા માસમાં પ્રકટ થશે.

શ્રી **શ્રાદ્ધવિધિ** મોટી ટીકા. શ્રીમાન્ રત્નશેખરસૂરિ કૃત તથા **શ્રી બૃહત્ સંઘયણી** શ્રી જિનભદ્રમણિ કૃત શ્રી મલયગિરિસૂરિ કૃત ટીકા સહિત ( આ બંને ગ્રંથો ) મુનિમહારાજ તથા જ્ઞાન ભંડારોને ભેટ આપવા માટે છપાઇ તૈયાર થયા છે તે જણાવવા રજા લઇયે છીયે.

---

## શ્રી કુવલયમાલા કથા.

### ( સંસ્કૃત ગ્રંથ. )

આ ગ્રંથના પ્રણેતા શ્રીમાન્ રત્નપ્રભસૂરિ છે. આ ગ્રંથ કથાનુયોગનો ઘણો જ રસિક છે. બહુજ રસિક ચરિત્રોનું વર્ણન આ ગ્રંથમાં આપવામાં આવેલું છે. કષાયો પ્રાણીને સંસારમાં કેવી રીતે રખડાવે છે તેનું અદભૂત ચિત્ર આપવામાં આવેલું છે. એક વાર શરૂ કર્યા પછી પૂર્ણ કર્યા સિવાય હાથમાંથી આ ગ્રંથ છોડવાનું મન થતું નથી, સાથે સુંદર બોધ પણ આપેલો છે. એકંદર રીતે ઉત્તમ પંકિતનો ગ્રંથ છે. અને તે **સરલ સંસ્કૃત ભાષામાં** હોવાથી કોલેજ, પાઠશાળામાં કે ઘેર બેઠા અભ્યાસ કરતા સંસ્કૃતના અભ્યાસીઓ–વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ખાસ ઉપયોગી છે. ઉંચા એન્ટીક પેપર ઉપર નિર્ણયસાગર પ્રેસમાં છપાવી સુંદર બાઈડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે, કિંમત માત્ર રૂા. ૧–૮–૦ પોસ્ટેજ જુદું.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-पीडितेन तदपनयनाय हेयोपादेय-पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १५ ] वीर संवत् २४४३, श्रावण, आत्म संवत् २२. [ अंक १ लो.

## वर्षारंभे मांगल्य स्तुति.

स्रग्धरा.

वेदैः साङ्गैः पुराणैः स्मृतिगतवचनैः कापिलैर्धर्मबोधै-
र्मार्गैः पातञ्जलीयैर्विविधमतधरैः संप्रदायैरनेकैः ।
यन्नाप्तं भारतीयैस्तदिह भगवता बोधितं येन तत्वं
स्याद्वादाद्वर्द्धमानः स भवतु जयदः शान्तिदश्चात्र वर्षे ॥ १ ॥

ભાવાર્થ—આ ભારતવર્ષની પ્રજા છ અંગવાળા વેદોથી, પુરાણોથી, સ્મૃતિઓના વચનોથી કપિલાચાર્યના સાંખ્યધર્મના બોધથી, પતંજલિના યોગમાર્ગથી, અને બીજા વિવિધ મતવાળા અનેક સંપ્રદાયોથી પણ જે તત્વને સમજી શકી નથી, તે તત્વ જેમણે સ્યાદ્વાદમાર્ગથી તે પ્રજાને સમજાવ્યું છે, તે શ્રી વીર ભગવાન્ આ નવીન વર્ષમાં જય અને શાંતિને આપનારા થાઓ. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## गुरू स्तुति.

शिखरिणी.

**यदीयप्राकट्यात् सुफलति च संघः सुरतरु–र्जयश्रीर्जैनानां विलसतितमां धर्मसुगता।**
**चतुर्थारानन्दः प्रसरति सदा भारततले नमस्तस्मै नित्यं विजयिविजयानन्दगुरवे ॥२॥**

**ભાવાર્થ**— જેમના પ્રગટ થવાથી અત્યારે આ ભારતવર્ષ ઉપર સંઘરૂપી કલ્પવૃક્ષ ફળી રહેલું છે, જૈનોની ધર્મ સંબંધી જયલક્ષ્મી વિલાસ કરી રહી છે અને સદા કાળ ચોથો આરો પ્રવર્ત્તી રહ્યો છે, તેવા વિજયવંત **શ્રી વિજયાનંદસૂરિ** ગુરૂને નમસ્કાર છે. ૨

## શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને આશીર્વચન.

**માલિની.**

મન વચનથી આત્માનંદને ધારનારા, ભવજલનિધિ આત્માનંદથી તારનારા;
પ્રતિ સમય જ **આત્માનંદ**થી જે પ્રકાશે, સકળ વિજય પામો ગ્રાહકો તે હુલાશે. ૧

# અભિનવ વર્ષના ઉદ્ગારો.

પૂર્ણ—આનંદમય, મહોદયમય, કૈવલ્ય ચિન્મય, રૂપાતીતમય, સ્વરૂપ રમણ, જ્ઞાનોદ્યોતમય, કૃપારસમય અને સ્યાદ્વાદ વિદ્યાલયમય એક મહાન્ તત્વમૂર્ત્તિ પ્રભુને ત્રિકરણ શુદ્ધિથી વંદન કરી આ આત્માનંદ પ્રકાશ પંનરમા વર્ષમાં પ્રવેશ કરે છે. હવે તે બાલ્યવયમાંથી મુકત થઇ વિશેષપણે વિવિધ વાઙ્મય વિલાસને ભોગવવાને માટે યુવાવસ્થામાં પ્રવેશ કરે છે. તે સંપ્રતિ યુવાવસ્થાના વિલાસો ભોગવવાને વિવિધ આશાઓ ધારણ કરે છે. આ નવીન વયની પ્રવૃત્તિમાં હવે શું શું કરવાનું છે? તે વિષે તેના અંતરમાં વિવિધ વિષયોની વિચારમાળા ફરવા લાગી છે. સાંપ્રતકાલે નવા યુગનો પવન જોસભેર ફુંકાય છે. ધર્મ અને વ્યવહારના માર્ગોની સુધારણાની હવા ચારે તરફ ચાલી છે. નિવૃત્તિ માર્ગને પ્રધાનપણે માનનારી જૈન પ્રજાને હવે પ્રવૃત્તિ માર્ગ સ્વીકારવાની જરૂરર પડી છે. ધર્મની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનાને અનુસરી થયેલી જૈન કુટુંબની રચનામાં સુધારણા કરવાની ફરજ પડી છે, વિદ્યા અને કળાની ઉચ્ચ કેળવણી શિવાય સુખ, સંપત્તિ અને ઉદયના સાધનો મળી શકે તેમ નથી, એ વાત હવે તેને માન્ય કર્યા વગર ચાલે તેમ નથી. ધર્મ અને વ્યવહાર તંત્રમાં સંઘનો સર્વોપરિ અધિકાર એક બેના હાથમાં રહી શકે તેમ નથી. સંઘ સત્તાને નિયમમાં રાખવાને પરિષદોની આવશ્યકતા ઉભી થઈ છે.

જૈનપ્રજાના પરાક્રમ ભાનુ ઉપરથી અહંભાવવાળા સંઘપતિરૂપ વાદળાઓને ખસેડવાનો પ્રચંડ પવન જોસથી ફુંકવા લાગ્યો છે. સ્વતંત્રતાની સુગંધે જૈન પ્રજાના હૃદયને બ્હેકાવી દીધા છે. અભેદમય નીતિનો વિજયધ્વનિ થવા લાગ્યો. સમાજ સેવાના મંત્રો ઉચ્ચારાય છે. આવા ઉચ્ચ પરિવર્ત્તનના સમયમાં આ આત્માનંદ પ્રકાશ યુવાવસ્થામાં દાખલ થાય છે. તે હવે પોતાની ભરયુવાવસ્થામાં જૈન પ્રજાની પૂર્ણ પ્રગતિ જોવાની અભિલાષા રાખે છે. " ચતુઃસ્તંભવાળો સંઘરૂપી રાજમેહેલ ભારતની ભૂમિ ઉપર ધર્મ, નીતિ, આચાર, જ્ઞાન, કળા અને ઉદ્યોગથી નવરંગિત બને, તેના ઉંચા શિખર ઉપર શ્રીવીરધર્મનો વિજયધ્વજ ફરકયા કરે, વીરધર્મરૂપી પ્રચંડ સૂર્યનું તેજ ભારત ગગનની દશે દિશામાં ઝળકી રહે, અંદર અંદરના દ્વેષથી, કલહથી અને કુસંપથી પ્રસરેલું અંધકાર દૂર થઈ જાય, જેઓના પૂર્વજોએ અન્ય-મતોનું આક્રમણ થયા છતાં પણ પોતાના મૂલ રહસ્યરૂપ ધર્મસિદ્ધાંતને સાચવી રાખ્યો છે, ધર્મની ઉન્નતિ સાચવતાં અનેક પરીષહોના કષ્ટો ભોગવેલા છે, અને જ્ઞાનના ઉત્કર્ષને માટે અનેક ગ્રંથોની રચના કરી પોતાના પરોપકાર વ્રતને અખંડિત રાખ્યું છે, તેવા મહાનુભાવ મુનિવરો તે પૂર્વજોની ઊજવળ કીર્ત્તિ જાળવી રાખે અને સ્વાર્થ સાધવાની યુક્તિને દૂર કરી ચાલતા યુગમાં સાધ્ય એવા ઉન્નતિના માર્ગોનો ઉપદેશ આપે. જેમની પૂર્વજ પ્રવર્ત્તિનીઓ શ્રાવિકાધર્મના રક્ષણ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરતી હતી, ગૃસ્થધર્મના ઉચ્ચ તત્વો અને પૂર્વ સન્નારીઓના ચરિત્રોની કથાઓ કહી જૈનોની બાલાઓ, યુવતિઓ અને વૃદ્ધાઓને ગૃહધર્મના ભવ્ય અલંકાર રૂપ બનાવતી હતી, તેમની શિષ્યારૂપે ચાલી આવતી સાધ્વીઓ પોતાના ઉચ્ચ ભાવનામય ચારિત્રથી શ્રાવિકાક્ષેત્રને નવપલ્લવિત કરે. જેમના પૂર્વજો અહંભાવ, સ્વાર્થ, કપટ અને ક્ષુદ્રવૃત્તિથી સદા મુક્ત રહેતા હતા, દયા, પરોપકાર અને દાન એજ જૈનતત્વનું ખરૂં બીજ છે; એમ સમજતા હતા, જૈનપ્રજામાં નિસ્તેજ, નિર્માલ્ય, બુદ્ધિવિહીન, અને દારિદ્રના ક્ષુદ્ર તત્વો દાખલ ન થાય તેને માટે કાળજી રાખતા હતા, ધર્મ, શુદ્ધ વ્યવહાર અને સદાચારને સાચવી વ્યાપાર–ઉદ્યોગના મહાસાગરનું મથન કરી તેમાંથી સુખ, સંપત્તિ અને વૈભવના અમૂલ્ય રત્નો પ્રગટ કરી પ્રજામાં તેની પ્રભાવના કરતા હતા. તે સાથે છેવટે આ સંસારના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોહક પદાર્થના અસ્તિત્વથી જ જીવની મોહમાં પ્રવૃત્તિ થાય છે અને આ શરીરની સ્થિતિપર્યંત જ આ સર્વ ભોગનો ઉપયોગ છે, એવું વિચારી સંવેગના રંગથી અંતરને રંગિત કરી અને સપ્તક્ષેત્રને પલ્લવિત કરી ચારિત્રના મહા માર્ગમાં પ્રયાણ કરતા હતા, તેવા પોતાના પૂર્વજોના દ્રષ્ટાંતોનું મનન કરી વર્ત્તમાન કાળના શ્રાવકો તે માર્ગે પ્રવર્ત્તે, સાંપ્રતકાળે જૈન પ્રજાના ઉદયનો માર્ગ કઈ દિશાએ જાય છે, ઊચ્ચદશાવાલો શ્રાવક સંસાર કેવી રીતે બને? સર્વદા જાગ્રત, અને સર્વ પ્રકારનું બળ પ્રેરનાર, સામર્થ્યવાળી કઇ શક્તિ છે, અજ્ઞાન, આળસ, અનુદ્યોગ, દારિદ્ર, અને દીનતાથી પીડાતી જૈન પ્રજાનો ઉદ્ધાર કેવી રીતે થઈ શકે, વ્યવહાર ભાવનાના જીવનને હરનારા અને ઉન્નતિના માર્ગને કંટકિત બનાવનારા રીવાજો કેવી રીતે નાબુદ થાય, અને પ્રત્યેક ક્ષેત્રમાં કલહ, દ્વેષ, અને કુસંપના વૃદ્ધિ પામતા કટુ વૃક્ષો કેવે પ્રકારે નિર્મળ થાય. આવા આવા વિચારો જૈન ગૃહસ્થોના હૃદય મંદિરમાં સ્થાપિત થાય અને ક્રિયામાં મુકાય. જેમની પૂર્વજા માતાઓએ સતી ધર્મની મહત્તા દર્શાવી ભારતની સ્ત્રી પ્રજાને ચકિત કરી નાંખી છે. ગૃહ ધર્મની ઉચ્ચ ભાવનાથી ગૃહિણીપદને દીપાવ્યું છે, અને શુદ્ધ પ્રેમના પાઠો આર્ય બાલાઓ અને પત્નીઓને શીખવ્યા છે, તે જૈન રમણીઓ કેળવણી અને કળાના અલંકારો ધારણ કરે. સદ્વ્રતધારિણી સત્ય શ્રાવિકાઓ બની શ્રાવક સંસારને શોભાવે, પોતાના નારી વેદને ઉચ્ચ કોટીમાં લાવે, ગૃહશિક્ષણની પાઠશાળામાંથીજ પોતાના શિશુઓને સુશિક્ષિત બનાવે અને ગૃહરાજ્યની મહારાણી બની જૈન મહિલા સમાજમાં આવી પ્રમુખાસન અને વક્ત્રાસનને દીપાવે.

આ પ્રમાણે યૌવનવયના વિલાસ ભોગની આશા ધરતું આ આત્માનંદ પ્રકાશ આ ભારત વર્ષના સંઘ રૂપી ગગનમાં ગરૂડ પક્ષીની જેમ ઉડવાને પ્રવર્ત્તે છે. તેને ગુરૂ તત્વ અને ધર્મ તત્વ રૂપી બે પાંખો મળી છે. તે હવે વિવિધ વિષય રૂપી તીક્ષ્ણ ચંચૂના બળથી જૈન પ્રજામાં પ્રસરી રહેલા, અજ્ઞાન, અવિચાર, અનાચાર, કુસંપ અને કુરીવાજ રૂપી કાળા સર્પોને ભયભીત કરી નશાડશે. ધર્મ ભાવના રૂપ પોતાની પીઠ ઉપર સંઘ ભગવાનને બેસારી ઉદયના ઊંચા શિખર ઉપર લઇ જશે. અને ત્યાં બેશી શ્રીવીર શાસનના જય શબ્દો ઊચ્ચારશે. આ મહાન પક્ષીના પ્રબળ વેગને કોઇ પણ અટકાવી શકશે નહીં. તે સદા નિર્ભય થઇ વિચરશે. કારણ કે, સ્વર્ગવાસી **શ્રીમદ્ વિજયાનંદ સૂરિનો પ્રભાવિક પરિવાર** તેને કૃપા દ્રષ્ટિથી જુવે છે, વિદ્વાન્ અને સમદર્શી મુનિવરો તેને આનંદથી આવકાર આપે છે, સદ્ગુણી જૈન બંધુઓ તેનું બહુ માન કરે છે અને સુશિક્ષિત જૈન બ્હેનો તેને વ્હાલ ધરી વધાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે આત્માનંદ પ્રકાશ પોતાની યુવાવસ્થાની આશાઓની ભાવનાઓ ભાવી હવે ગત વર્ષમાં પોતે બજાવેલા કાર્યનું દિગ્દર્શન કરાવવાની ઇચ્છા રાખે છે. અને જે વિદ્વાન્ લેખકોએ સૌંદર્ય ભરેલા શારદાના શ્રૃંગારરૂપ વિષયોથી પોતાના સ્વરૂપને શ્રૃંગારિત કર્યું છે, તેમનો અપાર અનુગ્રહ પ્રગટ કરવા ચાહે છે.

ગત વર્ષ પશ્ચિમના મહાન્ વિગ્રહને લઇને વ્યાપારના કેટલાએક તરંગોને ઉછાળતું અને મોંઘવારીના કઠોર પ્રહારને આપતું પ્રસાર થયું છે, તથાપિ પ્રતાપી બ્રીટીશ રાજ્યના શીતળ છત્રનીચે સમાધાની અને શાંતિનો અનુભવ કરતું અને ગુણવાન્ ગ્રાહકોના આશ્રયબળથી પણ મુદ્રાલયના સાધનોની મુશ્કેલીમાંથી પણ પ્રસાર થતું આત્માનંદ પ્રકાશ પોતાના વેગને અટકાવી શક્યું નથી. તે પોતાનું બાહ્ય અને આંતર સ્વરૂપ અબાધિત રાખી શક્યું છે. એ શ્રી ગુરૂના પવિત્ર નામનોજ પ્રભાવ છે. ગત વર્ષે તે માસિકે એકંદર ૫૮ લેખોના સુંદર પુષ્પોના શ્રૃંગારથી વાચકોના મનોમંદિરને શણગાર્યાં છે. પૂર્વના ક્રમાનુસાર પ્રભુસ્તુતિ અને ગુરૂસ્તુતિ દર્શાવવાનો માંગલિક હેતુ સાધ્ય કર્યો છે અને તે સાથે અમારા ગુણજ્ઞ ગ્રાહકોને અંતઃકરણનો શુભાશીર્વાદ પણ આપેલો છે. જેથી આત્માનંદ પ્રકાશની વિષય વાટિકાને નવપલ્લવિત કરનારા વિદ્વાન્ લેખકોને પૂર્ણ અભિનંદન ઘટે છે. એ વાટિકામાં ચૈત્યપરિપાટી, ક્ષમાયાચના, પ્રભુસ્તુતિ, નવીન વર્ષારંભે આશીર્વચન, સંસારચિત્ર, ધર્મ પ્રશંસા, અનિત્યતા દિગ્દર્શન, શ્રી ભાવના સ્તુતિ, યોગસ્વરૂપ, અને શ્રીમદ્ વિજયાનંદસૂરિની જયંતીના ગીત ઇત્યાદિ પદ્યરૂપી સુરભિ કુસુમગુચ્છોને ખીલાવનારા, પદ્ય લેખકોને આ માસિક આભાર સહિત અભિનંદન આપે છે. જૈન દૃષ્ટિએ શરીર સ્વરૂપ, લક્ષ્મીનો ઉપયોગ કેમ કરવો જોઇએ, ભવ્યને સાવધાન કરનારૂં દિવ્ય શાસ્ત્રસંબોધન, શુદ્ધ દેવ, ગુરૂ, ધર્મ પ્રત્યે કેવો પ્રેમ હોવો જોઇએ અને સુખ પામવાનો સરલ માર્ગ, કેળવણીને ઉત્તેજન–એ અધ્યાત્મ અને શુભ ભાવનાના બળને વધારનારા લેખરૂપી ફળદ્રૂપ વૃક્ષોથી અધ્યાત્મ માર્ગના ઉપાસક શ્રીમદ્ **પૂર્ણ્રવિજયજી** મહારાજ જે કે કેટલાક વખતથી આ માસિક તરફ સહાનુભૂતિ દર્શાવનારા અને જેઓશ્રીએ લેખો દ્વારા અંતઃકરણની ઉંડી લાગણી બતાવી સરલ અને સાદી ભાષામાં બોધક વિષયો લખેલા છે. તેઓએ એ વાટિકાને મનોહર બનાવી છે. ચૈત્યપરિપાટી, અને શ્રી હીરવિજયસૂરિ સ્વાધ્યાય, અને જૈન ઐતિહાસિક સાહિત્યના ઉપયોગી લેખરૂપી સુધામય જલપ્રવાહથી મુનિરાજ શ્રી **જિનવિજયજી** મહારાજે તે વાટિકાને સારીરીતે સિંચન કરી પોષેલી છે. આ લેખક મહાત્મા શ્રી જિનવિજયજી મહારાજ કે જેઓ જૈન સાહિત્ય અને ઇતિહાસના એક ખરેખરા અભ્યાસી અને શોધક છે. જેના ઐતિહાસિક ગ્રંથો* વિજ્ઞપ્તિ ત્રિવેણિ, કૃપારસ કોષ અને શ્રી શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ

* આ ત્રણે ગ્રંથો અમારે ત્યાંથી વેચાણ મળશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિગેરે પ્રસિદ્ધ થયેલા છે, તે જૈન ઇતિહાસ અને તેની પ્રાચિનતા ઉપર સારૂં અજવાળું પાડે છે; જેને માટે જૈન અને જૈનેતર અનેક વિદ્વાનોના પ્રશંસનીય અભિપ્રાયો તેઓશ્રીની વિદ્વત્તા માટે આવેલા છે. અને તે લેખો વર્ત્તમાનસમયને અનુસરતા અને અલંકારિક છે. તેઓની ગુજરાતી તથા હિંદી બંને ભાષા સુંદર અને રસમય છે અને લેખનશૈલી ઉત્તમ છે અને તેથી જૈન સાહિત્યનું તેઓશ્રી સારૂં પોષણ કરે છે. નૂતન વર્ષની ભાવનાઓ, જૈન દૃષ્ટિએ શરીરસ્વરૂપ અને ધર્મારાધનના લેખરૂપી એક નાનો લતામંડપ આરોપણ કરી વડોદરાવાળા વકીલ **નંદલાલ લલ્લુભાઇ** કે જેના લેખો સરલ સર્વમાન્ય થઈ શકે તેવા અને અંતઃકરણની લાગણી બતાવનારા હોઇને એ વાટિકાની શોભાને વધારી છે. અધ્યાત્મપદના મધુર પદ્યથી મહાશય **જિજ્ઞાસુએ** કેકારવ કરી તે વાટિકામાં વિહાર કરનારા વાચકોને આનંદમગ્ન કર્યાં છે. માનસિક મિત્રો અને શત્રુઓ અને જીવનસૌંદર્યના શીતળ, મંદ અને સુગંધી પવનરૂપી લેખો મી. **વિઠ્ઠલદાસ મૂલચંદ** બી. એ. ના છે. ઉક્ત બંધુ વીઠ્ઠલદાસે ગયા વર્ષમાં લેખની પ્રથમ શરૂઆત કરેલી છે. તેઓ ગ્રેજ્યુએટ અને કેળવાયલા શાંત પ્રકૃતિના વિદ્વાન બંધુ આ સભાના સભાસદ છે, સભા ઉપર પુરતી લાગણી ધરાવનારા છે; તેઓના લેખની શરૂઆત હોવા છતાં લેખનશૈલી ઉત્તમ, સર્વ માન્ય, રૂચીકર અને ગંભીર ભાવ બતાવનારી છે. તેઓની શૈલી ભવિષ્યમાં આ કરતાં વધારે ઉન્નત બની જૈન સમાજને વિવિધ આસ્વાદ આગળ ઉપર ચખાડશે એમ તેઓના લેખોથી જણાય છે. તેમણે પણ એ વાટીકાના વિહારીઓને જ્ઞાનવિલાસી બનાવ્યા છે. કર્મમિંમાસા, ચારિત્રગઠ્ઠન મનોદ્રવ્ય તેનું સ્વરૂપ અને કાર્ય, આસક્તિ રહિત કર્મ, અને મૃત્યુ એ દ્રવ્યાનુયોગના રસિક કુવારાઓરૂપી લેખો મહાશય **અધ્યાચીએ** લખી તે વાટિકાના વિલાસમાં મોટો વધારો કર્યો છે. રા. અધ્યાચી બંધુ જૈન તત્ત્વજ્ઞાનના અને ઇંગ્રેજી તત્વજ્ઞાનના ગ્રથોના ઉંડા અભ્યાસી છે તેઓએ ઉચ્ચ શૈલી અને ગંભીર રહસ્યવાળા, ઉત્તમ ભાષાના લેખો લખી તેના ગહન તત્ત્વો સમજાવવા ઉંચો પ્રયત્ન કરેલો છે અને વર્તમાન સમયને અનુકુળ દૃષ્ટિએ આલેખવામાં આવેલ છે જે માનનીય છે. આ બંધુ પણ આ સભા ઉપર અત્યંત લાગણી ધરાવનારા અને આ માસિકની ઉચ્ચ સ્થિતિ ભવિષ્યમાં કેમ થાય તેવું નિરંતર ઇચ્છનારા છે. અને છેવટે વિચારનું સામર્થ્ય, સફળતા પ્રાપ્ત કરવાનો સર્વોત્તમ માર્ગ, એ વિષયરૂપી કુંજગૃહવડે મી. **જગજીવન માવજી કપાશી** ચુડાનિવાસી કે જેના લેખો સામાજીક હોઇ સાદી ભાષામાં લખાયેલા અને હિતકર છે. તેમણે તે વાટિકાના સૌંદર્યને પ્રગટાવ્યું છે. શ્રી શાંતિનાથપ્રભુને અભ્યર્થના, શ્રી વિજયાનંદ ગુરૂસ્તુતિ શ્રી ગુરૂજયંતી વગેરે પદ્યાત્મક લેખો આ સભા ઉપર અત્યંત પ્રેમ ધરાવનારા બંધુ ફતેહચંદ ઝવેરભાઇના છે, જેઓના ગદ્યાત્મક લેખો સુંદર અને અલંકારીક ભાષામાં આવતા હતા પણ આ વખતે ગયા વર્ષમાં ઉપરના માત્ર પદ્યાત્મક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ લેખો આપી આ વર્ષે તેની પણ શરૂઆત કરેલી છે જે પણ પ્રશંસનીય છે. તેઓ પ્રમાદ તજી આ કાર્યમાં હજી વધારે પ્રવૃત્તિ રાખે તો તેઓ ભવિષ્યમાં વધારે સારા રૂચીકર લેખો આપી શકશે એમ અમો માનીયે છીયે. જેથી તેઓએ આપેલા તે વિષયોએ ઉદ્યાનની સુંદરતામાં વધારો કર્યો છે. જૈન કોમની દાઝ દિલમાં ધરનારા અને મુંબઇમાં વસ્તા જૈન બંધુઓને પડતી હાડમારી અને દુઃખ નહીં દેખી શકનારા, દયાની દૃષ્ટિથી જોનારા બંધુ નરોતમદાસ ભવાનભાઇ શાહુના ગરીબ અને સાધારણ વર્ગના જૈનો માટે મુંબઇમાં સસ્તા ભાડાની ચાલીની જરૂર, અને મુંબઇ ઇલાકાની જૈન વસ્તીનું આવતું મરણ પ્રમાણ અને જૈન નાયકોની ફરજ એ બે લેખો આપી જૈન કોમની આંખ ઉઘાડી છે અને એ દિશામાં હજી તેમનો પ્રયત્ન જારી છે, જે પ્રશંસાપાત્ર છે, જેથી તેવા લેખો આપી તે વાટિકામાં દયારૂપી જલનું સિંચન કર્યું છે. તે શિવાય આત્મહિતૈષી જીવને આત્મકલ્યાણ સાધવા શીખામણ, વિચારનું સામર્થ્ય, અને પ્રભુભકિત રેખા વગેરે લેખો તથા પ્રસિદ્ધવકતા શ્રીમાન્ મુનિરાજશ્રી લલિતવિજયજીનું ભાષણ, ધાર્મિક ઉત્સવો, અને બીજા ચર્ચા સંબંધી ઉપયોગી લેખોની શ્રેણી રૂપ વાડથી બીજા વિદ્વાન્ લેખકોએ એ વાટિકાને સુરક્ષિત બનાવી છે. તે મહાશય સર્વ વિદ્વાન્ લેખકો ઉપર ધન્યવાદની વૃષ્ટિ કરી ઉપકાર માની આત્માનંદ પ્રકાશ તેમને પુનઃ નવીન વર્ષનું આમંત્રણ આપે છે. જૈન આચાર વ્યવહારની શુદ્ધિના પ્રાચિન.દૃષ્ટાંતો વગેરે લેખો આ સભાના સેક્રેટરીના છે, જેને માટે કાંઇ પ્રશંસા કરવા કે લખવાનું અત્ર સમય અને સ્થાન નથી; પરંતુ એ સુગંધી વાટીકાને સર્વ સુંદર અને મનોહર ઉદ્યાન બનાવવા પોતાથી બનતો પ્રયાસ કરે છે એટલું જ લખવું બસ છે.

પ્રસિદ્ધ વક્તા અને શ્રીમાન્ મુનિરાજ **શ્રી વલ્લભવિજયજી** મહારાજે જેના દશમા સ્વરૂપ ( અંક ) માં આપેલ **શ્રી ભગવંત મહાવીરની આજ્ઞાઓ** તેના યોજક છે જે કે તે અંકમાં પ્રગટ કરેલી છે. તે સર્વ જૈન બંધુઓને શું પણ સર્વ પ્રાણીઓને ગ્રહણ કરવા યોગ્ય છે. તેની બીજી આજ્ઞામાં લખ્યું છે કે, " જીવન ક્રમમાં ત્યાગ કરવા લાયક, અંગીકાર કરવા લાયક અને જાણવા લાયક શું છે ? તેનો નિર્ણય કરો. " આ પ્રભુની મહાન્ આજ્ઞા પ્રમાણે શ્રી આત્માનંદ પ્રકાશ પોતાનું કર્ત્તવ્ય બજાવવાને તત્પર રહેશે અને ભવિષ્યમાં પોતાની યુવાવસ્થાની ઉચ્ચ આશાઓ સફલ કરવા પ્રવૃત્તિ કર્યા કરશે.

છેવટે આ માસિક ઉચ્ચ સ્વરે ઉદ્ઘોષણા કરે છે.કે, ધર્મ એજ જૈનોના સર્વ જીવન પ્રકારોનું ચૈતન્ય છે, એ ધર્મના કેંદ્રથી જ પ્રવૃત્તિ માત્ર પોતાનું સત્વ પ્રાપ્ત કરી શકે છે. તે ધર્મનું મૂળતત્વ દયા છે, એ દયાની ભાવના વિશાળ છે, તેની અંદર વ્યવહારના સર્વ માર્ગોનો સમાવેશ થઇ જાય છે. દીન, અપંગ અને નિરાશ્રિત જનોને દુઃખમાંથી મુક્ત કરવા, ગૃહવ્યવહારમાં સીદાતા મનુષ્યોને સહાય આપવી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અજ્ઞાન–કેળવણી રહિત જનોને જ્ઞાન–કેળવણી આપવી, અને રીબાતા પ્રાણીઓને છોડાવવા–એ બધા દયાના સ્વરૂપો છે. તેવા દયા ધર્મને સર્વ જૈન પ્રજા ધારણ કરો. સર્વ એક સંપ કરી ઉદયના સાધનો સંપાદન કરો. નવીન યુગના ઉચ્ચ સંસ્કારો પ્રાપ્ત કરી જૈન યુવકો અને જૈન યુવતિઓ સમાજ સેવાના સૂત્રોના પાઠ શીખો અને શીખડાવો. આવી ઉદ્દઘોષણા કરી આ માસિક નીચેના પદ્યથી પ્રભુની પ્રાર્થના કરી આ નવીન વર્ષરૂપ આનંદમંદિરમાં પ્રવેશ કરે છે.

त्रिभुवनजनतापकारि कर्म–प्रमथन ! विश्वजनीन ! विश्वनाथ !
भवभयहर ! भव्यसेवितांघ्रे ! प्रवितर वीरजिनेन्द्र ! भावनां ते ॥ १ ॥

**ભાવાર્થ**—' ત્રણ જગતના મનુષ્યોને તાપ આપનારા, કર્મોનું મથન કરનારા, સર્વ પ્રાણી માત્રના હિતકારી, સર્વના સ્વામી, સંસારના ભયને હરનારા અને જેમના ચરણ ભવ્ય પ્રાણીઓએ સેવ્યા છે એવા હે શ્રી વીર જિનેંદ્ર ભગવાન્ તમો અમોને સદા તમારીજ ભાવના આપો.

ॐ शान्तिः शान्तिः शान्तिः

# જૈન ઐતિહાસિક સાહિત્ય.

## શકુનિકા વિહાર તીર્થ.

( યોજક શ્રીમાન મુનિરાજશ્રી જિનવિજયજી મહારાજ. )

સંસ્કૃત સાહિત્યના અદ્વિતીયજ્ઞાતા સુપ્રસિદ્ધ ડૉ. રામકૃષ્ણ ગોપાલ ભાંડારકરના દ્વિતીય પુત્ર શ્રીયુત દેવદત્તજી રામકૃષ્ણ ભાંડારકર એમ. એ. એક ઉત્તમ કોટિના ઇતિહાસજ્ઞ વિદ્વાન છે. તેઓ હાલમાં, આર્કિઓલૉજીકલ સર્વે ઑફ ઇન્ડિઆ વેસ્ટર્ન સર્કલના સુપરિન્ટેન્ડેન્ટના ઉચ્ચ અને પ્રતિષ્ઠિત પદ ઉપર અધિકૃત છે. જૈન સાહિત્ય અને ઇતિહાસ ઉપર તેમની પ્રશંસનિય રૂચિ છે. આર્કિઓલૉજી અને એફિગ્રાફી વિષયના પત્રો રીપોર્ટોમાં, જૈનધર્મના લગતા તેમણે ઘણા લેખો લખ્યા છે. મ્હારા પ્રસિદ્ધ થતા ' **प्राचिन जैन लेख संग्रह** ' નામના પુસ્તકમાં તેમણે ઘણી મિત્રતાભરી મદત આપી છે અને આપે છે. તેમજ અવાર નવાર, જૈન ઇતિહાસ અને સાહિત્યના વિષયમાં શંકા સમાધાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતાજ રહે છે. જૈન મંદિરો અને જૈન તીર્થોના વિષયમાં તેમની ઘણીજ ઉત્તમ લાગણી છે અને જયાં કયાંએ જૈનોના વિષયમાં વિરૂદ્ધ વર્તન તેમના જોવામાં આવે છે તો તેના માટે પોતાની ખાસ કાળજી જાહેર કરે છે અસ્તુ.

આપણામાં **शकुनिका** નામનું તીર્થ પ્રસિદ્ધ છે. એ તીર્થ પુરાતન ભૃગુકચ્છ (હાલનું ભરૂચ-બંદર) માં આવેલું હતું. તેનો છેલ્લો ઉદ્ધાર પરમાર્હત મહારાજ કુમારપાળના વૃદ્ધ મહામાત્યનું ઉદયનના પુત્ર અંબડે કરાવ્યો હતો. પરમ પ્રભાવક આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિએ એ ઉદ્ધારની સ્વહસ્તે પ્રતિષ્ઠા કરી હતી. પાછળથી મુસલમાનોના આક્રમણ કાળે એ મહાતીર્થ નષ્ટદશાને પ્રાપ્ત થયું. શકુનિકા વિહાર નામના મહાન મંદિરની મસજીદ થઈ! એ મસજીદ આજે પણ ભરૂચમાં બિરાજમાન છે. એના પ્રવેશદ્વાર ઉપર હજુ પણ જિન પ્રતિમા કોતરેલી યથાવત્ દેખાય છે. હું જ્યારે ૪ વર્ષ પહેલાં ભરૂચ ગયો હતો ત્યારે જાતે જોઈ હતી!

શકુનિકા તીર્થનું બીજુ નામ '**अश्वावबोध तीर्थ**' પણ હતું. શત્રુંજય, ગિરનાર જેવા તીર્થોની માફક એ તીર્થ પણ પ્રાચીન કાળમાં બહુજ પવિત્ર અને પૂજનીય ગણાતું હતું. તેથી એ નામની સ્થાપના રૂપે બીજા સ્થાને પણ એ નામના અનેક મંદિરો બનવા પામ્યાં હતાં. શત્રુંજય વિગેરેના આકાર દર્શનવાળા જેવી રીતે શિલાપટ્ટો બનાવાતા હતા, તેવી રીતે એ તીર્થના પણ શિલાપટ્ટો બનાવાતા હતા. કુંભારીઆ અને આબુના મંદિરોમાં આ જાતના શિલાપટ્ટો બનેલા પ્રતિષ્ઠિત છે. પરંતુ ઘણા ખરા લોકો સાધુઓને શ્રાવકો-એ શિલાપટ્ટોના સ્વરૂપના જ્ઞાનાભાવે એમના વિષયમાં તો કશું જોતાજ નથી અને કદાચ કોઈની દૃષ્ટિ જાય તો તેમના વિષયમાં અટંસટ કહી કહેવરાવી ચાલતા થાય છે. પરંતુ ઉપયોગ પૂર્વક દર્શન કરનાર જિજ્ઞાસુની દ્રષ્ટિથી તે અદ્રશ્ય રહેતા નથી અને તેના મનમાં, પોતાના વિષયમાં કાંઈ જાણવાની પ્રેરણા કર્યા વિના ચુકતા નથી. કેટલાએક વિચારવાન શ્રાવકોને મ્હારી આગળ એ વિષયમાં પ્રશ્નો કરતા અનુભવ્યા છે. શ્રીયુત ડી. આર. ભાંડાર કરને પણ જ્યારે તેઓ પોતાના ડીપાર્ટમેન્ટ સાથે એ સ્થળોની મુલાકાત લેવા ગયા ત્યારે, એ શિલાપટ્ટો જોઈ એમના સ્વરૂપ અને ઇતિહાસને જાણવાની ઇચ્છા થઈ અને તદનુસાર કેટલોએક શ્રમ વેઠી એ સંબંધી બધી હકીકત મેળવીને તે વિષયમાં એક વિસ્તૃત નિબંધ, આર્કિઓ લૉજીકલ સર્વે ઓફ ઈન્ડિઆના સન્ ૧૯૦૫-૬ના એન્યુલ (વાર્ષિક) રીપોર્ટમાં પેજ ૧૪૧-થી ૪૯ઉપર (Archoelogical Survey of India Annual Report 1905-06. P. 141-49.) પ્રકાશિત કર્યો છે. જૈન પ્રજામાંથી ભાગ્યેજ કોઇને એ નિબંધ સંબંધી માહિતી હશે તેથી તેની જાણ ખાતર તેમજ પરમ પવિત્ર અશ્વાવબોધ જેવા મહાન્ તીર્થના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરૂપથી જ્ઞાત કરવા ખાતર શ્રીયુત ભાંડારકરના એ આખા લેખનો સમગ્ર ગુર્જરાનુવાદ અત્ર આપવામાં આવે છે. આશા છે કે એ લેખનું સન્માન પૂર્વક વાંચન કર્યા પછી જેમનો જૈનધર્મ સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ ન હોવા છતાં ફક્ત એકલી જ્ઞાન પીપાસાને તૃપ્ત કરવા સારૂ તથા પોતે મેળવેલા જ્ઞાનથી બીજાઓને જ્ઞાત કરવાની કર્તવ્ય બુદ્ધિથી કહો કે પરોપકાર બુદ્ધિથી કહો, ધ્યાનમાં આવે તેથી કહો પણ, એક અજૈન વિદ્વાન જૈન ધર્મની અપ્રસિદ્ધ હકીકતોને સર્વ સાધારણની સમક્ષ વિગતવાર રજુ કરી, ભ્રાંતિ નિવારણ કરવાને કેવા પરિશ્રમો સેવે છે તેનું જરા કાંઇક ચિન્તન કરવાની ભલામણ છે. ખાસ કરીને **મુનિમહારાજાઓ** તરફ એ ભલામણ કરવાની વિશેષ ઇચ્છા રહે છે, પરંતુ કમનસીબે તે વર્ગમાંથી તો ભાગ્યેજ કોઇ મ્હારા અનુભવથી તો નહિ કહું તો પણ ચાલી શકે–આવા **ચોપાનિયા**નાં પ્રકટ થતા લેખોને પછી તે નિરૂપયોગી હો કે સોપયોગી–વાંચવાની **શિથિલ પ્રવૃત્તિ** (?) ને સેવતા હોય. કારણકે કેટલાક મુનિઓને તો સામયિક પત્રો વાંચવાના પચ્ચખાણ લીધેલા હોય છે. તથાસ્તુ.

મલબાર હીલ, **મુંબઇ.** } **મુનિ જિનવિજય.**

"જુલાઈ ૧૯૦૫ તથા માર્ચ ૧૯૦૬ ના વેસ્ટર્ન સર્કલ, આર્કીઓલૉજીકલ સર્વે ઑફ ઇંડીઆ' ના પ્રોગ્રેસ રિપોર્ટના પા૦ ૪૧–૪૨ ઉપર આવેલા ૨૪ મા ફકરામાં મુંબઇ ઇલાકાના મહીકાંઠા એજન્સીમાં આવેલા એક દેશી રાજ્યના મુખ્ય શહેર દાંતાથી ઉત્તર–પૂર્વમાં ૧૪ માઇલ દૂર આવેલા કુંભારીઆમાં નેમિનાથના દેવાલયના 'ગૂઢ મંડપ' માં આવેલા એક જૈન કોતરકામ વિષે નીચે પ્રમાણે વિવેચન મેં કર્યું છે." પૂજા કરવાની પ્રતિમાઓમાં એક શિલા ઉપર કોતરેલી એક પ્રતિમા ઘણી સુંદર છે. એની ઉપર જમણી બાજુએ એક 'તીર્થ' અગર નદી જેવું કાંઈક ચિતરેલું છે, અને બીજી બાજુએ એક ઝાડ છે; આ ઝાડની નીચે એક બાજુએ ત્રણ આકૃતિઓ છે તથા બીજી બાજુએ એક આકૃતિ છે જે ઉંચેના ઝાડ ઉપર બેઠેલા એક પક્ષીનો શિકાર કરતી હોય તેવો દેખાવ આપ્યો છે. નીચે આપેલો લેખ આ પ્રમાણેઃ—**श्री मुनि सुव्रतस्वामि बिम्बमश्वावबोधस मलिकाविहार तीर्थओद्धारसहितम्।** આ લેખનો પાછળનો ભાગ મને બરોબર સ્પષ્ટ નથી, પરંતુ પ્રથમના ભાગ ઉપરથી એમ જણાય છે કે ૨૦ મા તીર્થંકર મુનિસુવ્રતની આકૃતિ આમાં કોતરવામાં આવી છે. પાછળના ભાગમાં આવેલા 'તીર્થ' શબ્દ ઉપરથી એમ જણાય છે કે તે જમણી બાજુએ આવેલા તીર્થ' જેનો અર્થ મેં ઉપર નકી કરેલો છે તે દર્શાવે છે. પરંતુ 'તીર્થનું નામ તથા તેની સાથે વર્ણવેલી બીજી હકીકત સમજી શકાતી નથી." આ ઉપરથી એમ વ્યકત થશે કે જ્યારે મેં આ પ્રમાણે લખ્યું ત્યારે લેખનો હેતુ તેમજ પ્રતિમાનો વિસ્તાર મારા સમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જવામાં આવ્યો નહોતો. તેથી કરીને નૈસર્ગિક રીતેજ હું આશા રાખતો હતો કે મી. કાઉસેન્સ આ બાબત ઉપર કોઇ રીતે અજવાળું નાંખશે; કારણ કે તે આબુ પર્વત ઉપર ઘણો વખત રહ્યા હતા, તેમજ તેમણે તેજપાલના દેવાલયના અગ્રભાગમાં આવેલા એક ભોંયરામાંની એક લગભગ સરખીજ પ્રતિમાનું ચિત્ર કાઢયું હતું. પરંતુ. મી. કાઉસેન્સે માત્ર ટીપમાં આટલુંજ કહ્યું:—"જૈન લોકોને ત્રાસદાયક એવો હિંસાનો પ્રસંગ આમાં ખાસ કરીને દર્શાવેલો છે તેથી તેમાં કાંઇક નૂતનતા છે. આમાં બતાવેલી નૌકાઓ તે વખતની નૌકાઓ જેવી હશે કે કેમ તે શંકાસ્પદ છે. ઘણે ભાગે તે કારીગરની કલ્પનાશકિતનો નમુનો છે." આ ઉપરથી મને કાંઇ જાણવા જેવું મળ્યું નહિ અને તેથી પહેલાંની માફક ગુંચવણ તો રહીજ.

તેજપાળના મંદિરમાં આવેલી પ્રતિમા વિષે મેં ઉપર કહ્યું છે. તેમજ 'પ્રોગ્રેસ રિપોર્ટ' માં આ પ્રતિમા વિષેની ઉપર્યુક્ત હકીકત આપતાં ટીપમાં પણ મેં તેજપાળના મંદીરની પ્રતિમા વિષે જણાવ્યું છે. ગઇ ઋતુમાં મેં આ મંદિરની મુલાકાત લીધી અને જોતાં મને આશ્ચર્ય લાગ્યું કે જે ભોંયરામાં આ પ્રતિમા હતી તે ભોંયરૂં મુનિ સુવ્રતસ્વામીને અર્પણ કરેલું હતું તેથી તે લેખમાં બતાવ્યા પ્રમાણે આ પ્રતિમાઓ મુનિસુવ્રતસ્વામીનેજ અર્પણ કરેલી હતી. સુદૈવે પ્રવર્તક મહારાજ મુનિશ્રી કાન્તિવિજયજી નામના એક મહા વિદ્વાન જૈન જતિ ત્યાં હાજર હતા અને તેમણે મહેરબાની કરીને આ પ્રતિમાનું સવિસ્તર વર્ણન કરી મને સમજાવ્યું. પરંતુ કયા જૈન પુસ્તકમાં આ હકીકત આપી છે એમ પૂછતાં તે કાંઇ કહી શકયા નહિ. પરંતુ આ બાબત હાથમાં આવવાથી તપાસ કરતાં મને જણાયું કે મહારાજ શાન્તિવિજયજીના મુબારક હસ્તે પ્રકાશિત થતા "જૈન" અઠવાડિક પત્રમાં આ હકીકત આપેલી છે, અહીં પણ મૂળ કયા પાયા ઉપરથી એમણે આ હકીકત જણાવી છે તે આપ્યું નથી. એકાએક મને એક વિચાર સુઝી આવ્યો કે 'અશ્વાવબોધ' તથા 'શકુનિકા વિહાર' એ બે તીર્થો છે તેથી 'તીર્થકલ્પ' નામક એક જૈન પુસ્તકમાં તેના વિષે હકીકત હશે. 'તીર્થકલ્પ'ની હસ્તલિખિત ત્રણ પ્રતો મેં ભેગી કરી અને આખરે મારૂં કાર્ય સફળ થયું. તેમાં આપેલી વિગત ઉપરથી આ પ્રતિમાનું હું સવિસ્તર વિવેચન નીચે પ્રમાણે કરૂં છું.

પ્રથમ તો લખવામાં (Transliteration.) બે ત્રણ ભૂલો થઇ છે તે સુધારવાની જરૂર છે. લેખનો અર્થ મારા જાણવામાં નહિ હોવાથી મેં 'સમલિકા' શબ્દનું સ–મલિકા એમ પદચ્છેદ કર્યું, તેથી સામાસિક વિશેષણ બનાવવામાં વપરાતો 'સહ'ને બદલે 'સ' હશે એમ મેં ધાર્યું. આગળ ઉપર જણાશે કે 'સમલિકા' એકજ શબ્દ છે જેનો અર્થ (માદા–સમડી) થાય છે, ગુજરાતી શબ્દ 'સમળી'નું આ સાંસ્કૃતિ રૂપ વાપર્યું હોય એમ જણાય છે. તેવીજ રીતે 'અશ્વાવબોધ' પણ બે શબ્દનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનેલો હશે એમ મેં જાણ્યું પરંતુ તે જગ્યાનું નામ હોઈ એકજ શબ્દ હોવો જોઇએ. આ સુધારો કર્યા પછી લેખ આ પ્રમાણે:—**श्री मुनिसुव्रत स्वामि बिम्बम-श्वावबोध समलिकाविहारतीर्थ ओद्धारसहितम्** । આ લેખમાં ત્રણ બાબતો સમાએલી છે:—(૧) શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા (**बिम्ब**), (૨) અશ્વાવબોધ તીર્થ, (૩). સમલિકા વિહાર તીર્થ. આપણે જાણીએ છીએ કે મુનિસુવ્રત એ વીસમા તીર્થંકર છે અને ૨ જી આકૃતિના પ્રથમના અરધા ભાગમાં તેમનું ચિત્ર પ્રત્યક્ષ જોઇએ છીએ, પરંતુ ' અશ્વાવબોધ ' અને ' સમલિકા વિહાર ' વિષે ઘણું થોડું જાણીએ છીએ. ઉપર કહ્યું તે પ્રમાણે ' તીર્થ કલ્પ ' માંના ' અશ્વાવબોધ કલ્પ ' પ્રકરણમાં આ બેઉ તીર્થો વિષે અત્યંત વિવેચન કરેલું છે. આ પુસ્તક પ્રાકૃતમાં લખેલું છે, પણ અશ્વાવબોધ તીર્થ વિષેનો હેવાલ ઇંડીઅન આન્ટીકવેરી vol. ૩૦, પાનું ૨૯૩ માં આપેલા શત્રુંજય મહાત્મ્યના પૃથક્કરણમાં વધારામાં આપ્યો છે. તેથી ' તીર્થકલ્પ ' માંથી અવતરણ આપવાને બદલે ઉપર કહ્યું તે વિવેચન અહીં આપું છું:—

" પોતાના પુત્રને ગાદી ઉપર બેસાડીને, મુનિસુવ્રતે તથા બીજા (૧૦૦૦) રાજાઓએ શુદ ફાલ્ગુનની દશમીને દિવસે શ્રવણ નક્ષત્રમાં દીક્ષા લીધી; તથા વદ ફાલ્ગુનની દશમીને દીવસે મુનિસુવ્રતનું એક દેવાલય બાંધવામાં આવ્યું જે ઇંદ્રાદિ દેવોએ પ્રતિષ્ઠીત કર્યું. ત્યારપછી મુનિજી વિશ્વમાં ઉપદેશ દેવા નિકળી પડયા અને પ્રતિષ્ઠાન ( પૈઠણ ) માં આવ્યા. ત્યાં ધ્યાનમાં એમને માલુમ પડયું કે તેમના પહેલા જન્મમાં તેમનો જે એક મિત્ર હતો તે હાલ ઘોડાના રૂપમાં હતો, તેને ભૃગુકચ્છ નામના ગામમાં થતા અશ્વમેધમાં વધેરવાનો હતો. તેથી તે એકદમ ઉપડયા અને રસ્તામાં સિદ્ધપુર આગળ થોડો આરામ લીધો. ત્યારબાદ ત્યાં વજાભૃત નામના રાજાએ એક દેવાલય બંધાવ્યું. મળસકે મુનિ ભૃગુકચ્છમાં આવ્યા જે સાઠ યોજન થતું હતું. તેમણે કોરંઢક વનમાં ઉતારો કર્યો, ત્યાં દેવોએ તેમને માન આપ્યું. તે ગામનો રાજ્યકર્તા જીતશત્રુ ઘોડા તથા લશ્કરને લઇને મળવા ગયો. મુનિએ સર્વને આ પ્રમાણે ઉપદેશ આપ્યો:–" આ દુનિયા એક ઘોર જંગલ છે; અહીંઆ બિચારો પ્રવાસીજન દુષ્ટ પશુઓથી વીંટળાયલો છે તથા રાક્ષસોના હાથથી દુ:ખ પામે છે. પોતાના દિવ્ય પથમાં જતાં તેને ચાર દોરડાંથી બાંધવામાં આવે છે તથા એક દુષ્ટ આરણ્યક તેને પજવે છે, તેમજ તેનું રક્ષણ કરવાને એકજ પવિત્ર પ્રાણી છે. ભૂતમાત્રનું રક્ષણ કરવું એ ધર્મ છે તથા ફરજ છે, જેથી સર્વ સુખસંપત્તિ પ્રાપ્ત થાય છે. " જ્યારે જીતશત્રુએ ઉપદેષ્ટાને પૂછ્યું કે આપના ઉપદેશથી કોને લાભ થયો છે ત્યારે તેમણે જવાબ આપ્યો ' આ ઘોડાને ' જીતશત્રુએ પૂછ્યું, " પશુ છતાં આ ઘોડાને કયાંથી જ્ઞાન થાય ? " ત્યારે મુનિએ જવાબ આપ્યો, " ગત જન્મમાં હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કમ્પાનો રાજા હતો અને આ મારો મિત્ર મને સલાહ આપનાર હતો, તેનું નામ 'મતિસાગર' હતું, પરંતુ દુષ્ટ કામો કરવાથી તે મરી ગયો અને કેટલાક જન્મો પછી પદ્મિનીખંડ નામના શહેરમાં સાગરદત્ત નામનો એક અપ્રમાણિક ગાંધી થયો, ત્યાં તેણે જીનધર્મ નામના શ્રાવક સાથે ભાઇબંધી બાંધી. ત્યાં તેમણે એક જૈનોપદેશક પાસેથી રત્ન, સોનું અગર માટીનું અર્હત્ દેવાલય બંધાવવાથી બીજા જન્મમાં કરેલાં સર્વ પાપોનો નાશ થાય છે એમ ઉપદેશ મેળવ્યો. આ ઉપરથી શહેર બહાર મૂર્ત્તિસહ એક જૈન દેવાલય સાગરદત્તે બંધાવ્યું તેમજ તેની પૂર્વે એક શૈવ દેવાલય બંધાવ્યું. એક ઉનાળાના દિવસે તે શિવના મંદિરમાં ગયો ત્યાં તેણે ધોળી કીડીઓને ઘીના હાંડલામાંથી કાઢતા તથા પગતળે કચરતા કેટલાક પૂજારીઓને જોયા, આ ઉપરથી તેને ચિંતા થઇ તેથી તે પોતાના કપડાથી મંદિર સાફ કરવા લાગ્યો. પોતાનું કામ કર્યા કરતાં મુખ્ય પૂજારીએ તેને કહ્યું કે, 'તમે વિના કારણ જીવડાંને બચાવો છો; કદાચ ધોળાં વસ્ત્રવાળા ધૂતારાઓથી હું છેતરાઇ જાઉં.' સાગરદત્તે વિચાર કર્યો કે આ માનવંત પણ દુષ્ટ લોકો તેમનું પોતાનું તથા મારૂં સત્યાનાશ વાળી નાંખશે, તે મરી ગયો અને આ અશ્વ થયો. પણ જીનનું દેવાલય બંધાવીને એણે જે પુણ્ય પ્રાપ્ત કર્યું છે, તેના પ્રતાપથી હું તેને બચાવવા આવ્યો છું. (૩૬૫)

આ વિગત સાંભળીને અશ્વને પોતાના પૂર્વજન્મનું ભાન થયું અને દસ દિવસ ધ્યાનવશ રહી તથા ઉપવાસ કરીને તે મૃત્યુવશ થયો, તથા 'સહસ્રાર' નામના આઠમા સ્વર્ગમાં દેવ થયો. પણ, ધ્યાનમાં, તેને (દેવયોનિમાં) પૂર્વજન્મનું સ્મરણ થયું. તેથી તે પૃથ્વી ઉપર આવ્યો અને કમ્પાના સુવર્ણમંદિરમાં મુનિસુવ્રતની તથા ભૃગુકચ્છમાં અશ્વની એમ મૂર્તિઓ બેસાડી; આ રીતે તેણે મુનિસુવ્રતના અનુચરોની ઇચ્છા પૂર્ણ કરી. આ વખતથી ભૃગુકચ્છ અશ્વાવબોધના નામથી પ્રખ્યાત થયું. વળી, આ પ્રમાણે સુવ્રત અર્હન્ત નર્મદામાં નાહ્યા તેથી તે પવિત્ર નદી થઇ અને તેનામાં અનાથને નાથ બનાવવાનો પ્રભાવ ઉત્પન્ન થયો.

ઉપર્યુક્ત હકીકત 'તીર્થકલ્પ'માં આપી છે તેના જેવીજ છે. માત્ર એક અગત્યનો ફેરફાર છે જે જાણવા જેવો છે. અહીં એમ કહેવામાં આવ્યું છે કે કમ્પામાં મુનિસુવ્રતની પ્રતિમા મૂકવામાં આવી હતી, પરંતુ તીર્થ કલ્પમાં એમ છે કે આ તીર્થંકરના 'સમવસરણ'ની જગ્યા ઉપરજ ભરૂકચ્ચમાં મુનિસુવ્રતનું દેવાલય બાંધવામાં આવ્યું હતું અને આ મંદિરમાં ઉપર કહી તે મૂર્તિ મૂકવામાં આવી; તથા પોતાના જન્મની યાદગીરી માટે તેણે એક અશ્વની પ્રતિમા બેસાડી, ત્યારપછી ભરૂકચ્ચનું નામ અશ્વાવબોધ તીર્થ થયું; પણ વખત જતાં આ સ્થળ 'શકુનિકા વિહાર'ના નામથી પ્રખ્યાત થયું જેના વિષેની હકીકત પ્રાકૃત ભાષામાં 'તીર્થકલ્પ' માં આપવામાં આવી છે. જે અમે નીચે આપીયે છીયે. (અપૂર્ણ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન શાળાના શિક્ષકો કેવા હોવા જોઇએ? અને તે માટે શું કરવું જોઇએ ? તે વગર કેવું પરિણામ આવે છે ?

લેખક—મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

ઘણું પોપટીયું જ્ઞાન મેળવવા કરતાં થોડું પણ પારમાર્થિક જ્ઞાન લાભદાયક થઈ શકે છે. આજકાલ કેટલાએક વખતથી જૈન શાળાદિમાં જે ગોખણીયું કામ જેવા તેવા શિક્ષકો દ્વારા કરાવવામાં આવે છે તેથી શીખનાર વર્ગને ભાગ્યે જ લાભ થતો જણાય છે. કદાચ પ્રતિક્રમણ કે પ્રકરણાદિના અર્થ પણ કરાવવામાં આવે છે તો તે પણ બહુધા ગોખણપટી રૂપે હોવાથી ભણનારને ભાગ્યે જ લાભકારી થાય છે. આનું કારણ એમ જણાય છે કે પ્રથમ તો શિક્ષકો જ સહૃદય હોય એવા ભાગ્યે જ મળે છે. કેમકે તેવા શિક્ષકો જ પ્રથમથી તૈયાર કરવાની કાળજી જ બહુ ઓછી રાખવામાં આવે છે અને એકાદ સંસ્થામાંથી જે કોઇ શિક્ષકો તૈયાર કરવા માટે પ્રયત્ન કરાય છે તેમાંથી કોઇએકને બાદ કરીએ તો બાકીનાં લગભગ વેદીયા ઢોર જેવા જ નીવડે છે; તેમને વ્યાવહારિક બોધ પણ બહુ જ કાચો હોય છે અને નૈતિક શિક્ષણ એટલું બધું ખામી ભરેલું હોય છે કે તેઓ પ્રાયઃ સદ્વર્તનશૂન્ય જણાય છે, એટલે કે તેમને જ્યાં જ્યાં શિક્ષક તરીકે નીમવામાં આવે છે, ત્યાં થોડા વખતમાં તેમનું પોત જણાઇ આવે છે. હલકું વર્તન પ્રગટ થઇ આવે છે જેથી તેમને યા તો પોચા હાથે રજા દેવી પડે છે, અથવા તો લાગતાવળગતાની લાગણી સખ્ત રીતે દુઃખાવાથી અને તેવા યોગ્ય ( લાયક ) શિક્ષકો નહિ મળી શકવાથી પાઠશાળાદિકને બંધ કરવાની જરૂર પડે છે. આ વાતનો ફલિતાર્થ એ છે કે પ્રથમ તો આપણે તથાપ્રકારના સુયોગ્ય ( લાયક ) શિક્ષકોને જ તૈયાર કરવા એક ઉત્તમ સંસ્થા ખોલવાની ખાસ જરૂર છે. તે માટે જેટલો દ્રવ્ય વ્યય સાથે સમય વ્યય અને પરિશ્રમ કરવામાં આવે તે લાભદાયી નીવડે તેમ છે; તે વગર આપણે પુષ્કળ દ્રવ્યાદિકનો વ્યય કરતા છતાં સારૂં પરિણામ મેળવી શકતા નથી અથવા તો તેવું સારૂં પરિણામ શી રીતે મેળવી શકિએ ? જેવું કારણ તેવું જ કાર્ય નીપજે. ગોળ ઘાલીએ તેટલું જ ગળ્યું થાય. મોદક નીપજાવતાં ઘી ગોળ નાંખવામાં કૃપણતા કરીએ તો તે મોદક કેવા નીરસ નીપજે ? ખાતાં તે કેટલો કંટાળો આપે ? અને ખાધા પછી પણ કેટલી પીડા ઉપજાવે ? એ વાત અનુભવસિદ્ધ છતાં સારૂં પરિણામ મેળવવા માટે જેવાં સાધન જોઇએ તેવાં તૈયાર કરવા ક્યાં દરકાર કરવામાં આવે છે ? આપણામાં બહુધા ગતાનુગતિકતા જ વધી પડી છે. તેથી જે કાર્ય કરવામાં જેવી વ્યવસ્થાની જરૂર હોય તે રહેવા પામતી નથી અને તેથી જ પરિણામ પણ તેવું જ આવે છે. અમારૂં તો એવું સ્વતંત્ર માનવું છે કે પરમાર્થ–શૂન્ય ઘણું કરવું તેના કરતાં પરમાર્થ સમજીને થોડું પણ કરવું તે શ્રેયકારી છે, તેથી જ ઘટમાં વિવેક દીપક પ્રગટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે છે. જો કંઇ સુંદર પરિણામ લાવવું હોય તો આપણે આજકાલનો સમય વિચારી શિક્ષણ પદ્ધતિમાં જરૂર સુધારો કરવો જોઇએ અને તે માટે-જૈન શાસન માટે ઉંડી લાગણી ધરાવવાવાળા સુયોગ્ય શિક્ષકોને વેળાસર તૈયાર કરવા પૂરતું લક્ષ આપવું જોઈએ.

ઇતિશમ્.

# આસકિત રહિત કર્મ.

(૨)

ગતાંકમાં અમોએ આ પ્રમાણે પ્રશ્ન કરી લેખ સમાપ્ત કર્યો હતો "હું પ્રવૃતિની મધ્યમાં હોઇને પણ આ બધા ઘસારાથી કેમ છુટી શકું ? એવો કયો રસ્તો છે કે મારા કાર્યના પરિણામોમાં હું બંધાઉ નહી ? શું આ બધું મૂકીને હું ભાગી જઉ ?"

ઉત્તરમાં પ્રથમ તો એ કહેવાનું છે કે આપણે આપણા વર્તમાન સંયોગોમાંથી કદી પણ ભાગી છુટી શકીએ તેમ નથીજ. કેમકે આપણે આપણી વર્તમાન પરિસ્થિતિ જાતેજ પૂર્વ કાળમાં રચેલી છે. તે કાંઈ અકસ્માતથી આપણા ગળે કોઇ ઇતર સત્તાએ વળગાડી નથી. ઘણા મુર્ખ મનુષ્યો સંસારની વિકટ આંટી ઘુંટીથી કાયર બનીને નાસી છુટવાનો પ્રયત્ન કરે છે. પણ નાસીને તેઓ ક્યાં જાય છે એ શું તમે નથી જાણતા ? બાળકને નિશાળમાં ભણવું ન ગમે અને તેથી કદાચ ત્યાંથી નાસી છુટે તો તે નાસીને કેટલેક જાય તેમ હતું. શિક્ષક અથવા બાળકના માત પિતા તેને તુર્તજ પકડીને તેના વ્યાજબી સ્થાનમાં બેસારી દે છે. બાળક સમજુ હોય છે તો હૃદયમાં નિશ્ચય કરી લે છે કે કલાસમાં નકી થયેલો અભ્યાસ પુરો કર્યા શિવાય ત્યાંથી છુટકારો મળવાનો નથી. અને તેથી સમજણપૂર્વક પોતાનું નિયત કાર્ય ત્વરાથી આ ટોપી લેવા ઉદ્યમશીળ બને છે. મુર્ખ બાળક નિરંતર ભાગી છુટવાનો પ્રયત્ન કર્યા કરે છે, પરંતુ ઘણા ઘણા એવા નિષ્ફળ પ્રયત્નને અંતે તેને અનુભવથી સમજાય છે કે એમ થવું છેકજ અસંભવિત છે. અને તેથી ઘણું કષ્ટ ભોગવીને આખરે તેને ડાહ્યા બનવું પડે છે. તેજ પ્રમાણે ઘણા અણસમજુ મનુષ્યો સંસારમાંથી રીસાઇ છુટવા ફાંફા મારે છે. તેઓ કહે છે કે "સંસાર બહુ દુ:ખમય છે, કઠીન છે, સુખનો ત્યાં અંશ પણ નથી અને તેથી હરકોઈ પ્રકારે આ બળતા ઘરમાંથી બને તેટલું વ્હેલું ભાગી છુટવું એમાંજ મનુષ્ય પ્રયત્નની સફળતા સમાએલી છે."

જ્ઞાની જનોનો નિશ્ચય એવો છે કે એ રસ્તો ખરો નથી. ભલે કાયર મનુષ્યો પોતાની પ્રાપ્ત પ્રવૃત્તિનું ક્ષેત્ર કાયર બની પડયું મૂકી બીજાને બાઝે. પણ આખરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ તે બીજી પ્રવૃતિમાં પણ પોતાની પ્રકૃતિને અનુસરતો સંસાર ઉપજાવીને પહેલાના પ્રવૃતિ ક્ષેત્ર જેવુંજ કરી મુકશે. મનુષ્ય નવરો રહી શકતોજ નથી. તેને કાર્ય પરાયણ રહેવું જ જોઇએ. અને જે કાર્યના પ્રદેશમાં કર્મની સત્તાઓએ તેને લાવી મૂક્યો છે તે કાર્યના પ્રદેશમાં રહેલી ફરજો તેણે હૃદય પૂર્વક બજાવી લેવી જોઇએ. તેનાથી ત્રાસી છુટી ભાગવાનો ઉદ્યોગ કરવો ન જોઇએ. ઘણા કાયર મનુષ્યો તેમ કરે છે, અને સંસારના અજ્ઞાન મનુષ્યો તેમને તેમના ભાગી છુટવા બદલ ધન્યવાદ પણ આપતા જણાય છે. પરંતુ અમે તે ભાગી છુટનાર તેમજ તે માટે ધન્યવાદ આપનાર એકેમાં ડહાપણનું તત્વ જોઇ શકતા નથી. " સંસાર ખારો છે. કષ્ટપ્રદ છે, તજવા જેવો છે, ચોતરફ દાવાનળ સળગી ઉઠયો છે માટે હે લોકો ! મુઠીઓ વાળીને નાસાનાસ કરી મુકો " એવો ઉપદેશ યોગ્ય નથી પણ આ લોક અને પરલોક સંબંધી અહિત સાધનાર છે. આપણા ઉપર કોઇ દૈવી સત્તા વૈર રાખે છે અને તે વૈરની વસુલાત કરવા માટે આપણને તે સત્તાએ આંહી ગોંધી રાખ્યા છે એમ કાંઇ નથી. એમ હોત તો કદાચ તેમાંથી ભાગી છુટવું એ વ્યાજબી હત. પણ સંસાર એ કારાગ્રહ નથી. તે એક મહાન દીવ્ય યોજનાનું પરિણામ છે. ત્યાં ઝેર નથી પણ અમૃત છે. હલાહલ નથી પણ સુધામયતા છે. ઝેર અને બુરાઇ માત્ર મનુષ્યના વિકૃત પરિણામોમાં–ભાવનાઓમાં છે.

તો હવે એવો કયો રસ્તો છે કે સંસારમાં પ્રવૃતિના ખેંચાણના મધ્ય દેશમાં હોવા છતાં પણ મનુષ્ય તેની અસરથી બચી શકે ? જ્ઞાની જનોનો ઉત્તર એજ છે કે " આ વિશ્વની પરમ અદ્દભૂત લીલામાં તમારે ભાગ જે કર્તવ્ય, જે ફરજ, જે ધર્મ આવેલો છે તે બરાબર બજાવી લો. તમારૂં પ્રાપ્ત કર્તવ્ય તમને જે જે ગતિ પ્રગતિઓમાંથી સોંસરા કાઢવા માગતું હોય તે બધામાં તમારે હોંશપૂર્વક જોડાવું. તમારા કર્તવ્યને તમે તમારી પ્રાપ્ત શક્તિ અને બુદ્ધિ અનુસાર સારામાં સારી રીતે, કાંઇપણ કચાશ રાખ્યા વિના, કાયર બન્યા વિના, બજાવી દયો; અને તે બધું કરવા દરમ્યાન એટલું નિરંતર સ્મૃતિમાં રાખો કે તમારૂં કર્તવ્ય જે ફળ ઉપજાવી શકે છે તેમાં તમે કદીપણ આસક્તિ નહી રાખો; તમારા કાર્યના ફળનો દાવો નહી રાખો; પરિણામમાં નહી બંધાઓ; કામને ખાતર કામ કરો, ફળને ખાતર નહી. દુનીઆમાં તમારે ભાગ જે કામ કરવાનું આવી પડયું છે તે વેઠ તરીકે, વગર છુટકે, આપી છુટવા રૂપે નહી, પણ આનંદથી, ઉલ્લાસથી, સ્વેચ્છાથી, હૃદયપૂર્વક દીલ દઇને કરો. અને હૃદયમાં એ સત્યને ઉંડું કોતરી રાખો કે એ બધાનું પરિણામ તમે લેવા માગતા નથી. તમને કોઇ એમ કહે કે તમારા આટલા બધા પ્રયત્નનું ફળ ખરેખર તમને બહુ ભારે મળશે તો ઉત્તરમાં તમો માત્ર હસજો, અને એમ કહેનારને જરા સમજાવજો કે આ પદાર્થોમાં અમર શાશ્વત, સ્થાયી કીમતવાળું કશુંજ નથી.

આ કથનો કદાચ વાચકો માંહેના કોઇ અતિ વ્યવસાયી સજ્જનોને અવ્યવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હારૂ અને સ્વપ્નાના ખ્યાલ જેવા જણાતા હશે, અને તેઓ એમ માનતા હશે કે સંસારમાં રહેલું અને આવી ભાવનાઓથી નિયમાળુ એ કોઇ રીતે બનવું અસંભવિત છે. હમે કહીએ છીએ કે ઉપર કહી તેજ ભાવના મનુષ્યના વાસ્તવ જીવનની ચાવી છે, તેના મનુષ્યત્વની સત્ય ઘટના છે. ઉપરચોટીઆ રીતે અવલોકનારને આ યોજના વર્તમાન પ્રવૃતિના હિલ્લોલની વિરોધી ભાસે તેમાં.નવાઇ નથી, પરંતુ અમારૂં એમ માનવું છે કે આ યોજના વર્તમાન યુગને ખાસ પ્રકારે બંધબેસતી થાય તેમ છે.

આ સ્થળે હમારે વાચકોને સ્મૃતિ આપવી જોઇએ છે કે ઉપરનું શિક્ષણ આ યુગના ઘણાજ અલ્પ મનુષ્યો સ્વીકારી શકે તેમ છે, અને તેને પોતાના જીવનમાં કાર્યરૂપે પરિણામવવાનું તો તેથી પણ અલ્પ સંખ્યાવાળા મનુષ્યોથી બની શકે તેમ છે. જનસમાજનો મોટો ભાગ પોતાની વર્તમાન પરિસ્થિતિમાં એટલો બધો તલ્લીન અને આસક્ત બનેલો જોવામાં આવે છે કે જેમને આ શિક્ષણ ઉપર આસક્તિ રહિતપણે કર્મની ભાવના.ઉપર નજર પણ કરવાની ફુરસદ નથી. તેઓ પોતાના કાર્યના ફળમાં એટલા બધા લટ્ટુ બનેલા છે કે આવી ભાવનાઓને તેઓ છોકરવાદી અને બાળકબુદ્ધિનો ખેલ માને છે. તેઓ કહેતા હોય છે કે "ભાઇ, હજી તમે સંસારમાં પડ્યા નથી, તેની આંટીઘુંટી અને વાંકઘોંકના અનુભવથી હજી તમે રીઢા બન્યા નથી, જ્યારે તેમ થશે ત્યારે તમે પણ તમારી આ ફીલસુફીને અભરાઇ ઉપર ચઢાવી દેશો. અમે પણ એક વખત આવી ભાવનાઓ વાંચતા વીચારતા હતા, પણ આ દુનીઆની ધમાલમાં એ કશુંએ સચવાતું નથી." મનુષ્યોમાં લગભગ સોએ સો ટકા આવા અર્ધદગ્ધ હોય છે. તેઓ આ કર્મયોગની ભાવનાને પોતાના સબંધે અમલમાં લાવવી છેકજ અશકય માને છે.

જનસમાજનો મોટો ભાગ પોતાના કાર્યના ફળ ભોગવવાની લાલસામાં ઘેલો બનેલો જોવામાં આવે છે. તેઓ કર્તવ્યને ખાતર કર્તવ્ય નહી પણ ફળને ખાતર કર્તવ્ય કરે છે, અને તેમ કરવામાં તેઓ પોતાના બંધુઓના મૃત શરીરો કચરતા ચાલતા હોય છે તેનું પણ તેમને ભાન હોતું નથી. પોતાના ફળની લાલસાની તૃપ્તિમાં આડે આવનારને તેઓ પોતાના રસ્તામાંથી ફેંકી દે છે, પોતાના સામર્થ્યનો ઉપયોગ તેઓ બીજાની સેવા અર્થે નહી પણ સંહાર અર્થે કરે છે, કેમકે તેમની દષ્ટિ કર્તવ્ય ઉપર નહી પણ ફળ ઉપર હોય છે. વર્તમાન ઔદ્યોગીક અને વ્યાપાર જીવનની ભયાનક ભિષણતા એ પૂર્વકાળના મનુષ્યાહારી જંગલી જીવનની ભિષણતાથી કોઇરિતે ઉતરે તેમ નથી. ઉભયમાં એકસરખી રિતે મનુષ્યોના મર્મછેદનનો ત્રાસ રહેલો છે. કાર્યના પરિણામની હાય વરાળમાં તેઓ બીજાને ખાઇ જાય છે અને વખતે તેઓ પોતે પણ બીજા અધિક બળવાન વડે ખવાઇ જવાય છે. તેઓ બીજાને કચરી નાંખે છે, અને પ્રસંગે તેઓ પોતે બીજા વડે કચરાઇ જાય છે. તેઓ અન્યનો તિરસ્કાર કરે છે અને તેઓ પોતે બીજાના તિરસ્કારનો વિષય બને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ પશુ સૃષ્ટિમાં સબળ નિર્બળને દાબી દઇને તેને પોતાના ઉપયોગમાં લે છે તેમ આંહી પણ પરિણામ–ભોગી મનુષ્ય–પશુઓના સમાજમાં સબળ નિર્બળને પોતાના ગુંઠણ હેઠે કચરે છે અને તે સબળ મનુષ્યને વળી તેનાથી અધિક સબળ મનુષ્ય એવીજ હાલતે પહોંચાડે છે. આ બધી મારામારી, કચરાકચરી, ભિષણ પ્રચંડ કલેશમય જીવન–કલહ શેમાંથી ઉદ્દભવે છે? લોકો કર્તવ્યને ખાતર કર્તવ્ય નહી પણ ફળને ખાતર કર્તવ્ય કરે છે તેમાંથી.

બીજાને કચરી નાંખીને તેમાંથી ઉત્પન્ન થતા લાભમાં જેઓ આનંદ માને છે તેઓ કર્મની એવી વિકટ કારણ–કાર્યની સાંકળમાં ફસાય છે કે તેમાંથી છુટવું એ અત્યંત કષ્ટપ્રદ વ્યાપાર થઇ પડે છે. એ યંત્રણામાં તેઓ એટલે સુધી ફસાય છે કે ઘણીવાર તેઓ બીજા મનુષ્યોને ફાડી ખાવા જતાં પોતાની વાસનાના વેગની ઉગ્રતામાં બેભાન બની તેઓ પોતાની જાતનેજ ફાડી ખાય છે. મનુષ્ય અત્યારે મોટે ભાગે પશુજ છે, કેમકે તે પોતાના મનુષ્યત્વનો ઉપયોગ પોતાના મનુષ્યત્વની વૃદ્ધિ અર્થે નહી પણ પશુત્વની વૃદ્ધિ અર્થે કરે છે. પોતાના પ્રત્યેક વ્યાપારમાં પશુપણાનો પરિચય આપે છે.

અને જે થોડા મનુષ્યો આ ભાવનાવડે પોતાના જીવનને નિયમાવા તત્પર છે તેઓ અમારા આશયને તુર્તજ સમજી જશે. તેઓનો આત્મા આ ભિત્રણ, ભયાનક, ત્રાસદાયક કલહ અને વિગ્રહથી બાજુ ઉપર ખસી જશે. જો કે તેમનું શરીર એ કલહ અને વિગ્રહની મધ્યમાં હશે, અને અજ્ઞાનદૃષ્ટિને એ મનુષ્ય બીજા પ્રાકૃત મનુષ્યોથી કોઇ રીતે ચઢીઆતો નહીં જણાય, છતાં વાસ્તવમાં આ ભાવનાને ગ્રહી શકનાર મહાનુભાવ પુરૂષ એ કલહની મધ્યમાં હોવા છતાં તેની બહાર જ છે. તે વિગ્રહની ઝપાઝપીમાં દેખાય છે ખરો પણ તેનો આત્મા તેમાં ભરાઇ પડેલો હોતો નથી. તેનો આત્મા એ બધી યાદવાસ્થળીને છેટેથી દ્દષ્ટાપદે રહી જોયા કરે છે, તેના શરીરને તે લઢાઈમાં મોકલે છે, પણ પોતે તે યંત્રણામાં મુગ્ધ બનીને ફસાતો નથી. પોતે એ જાળથી હમેશા મુક્ત રહે છે. એ ફંદામાં ખેંચાઇ જવા સામે તે હમેશા સાવધ રહે છે. સંસાર શું છે, સંસાર તેને શું આપી શકે તેમ છે, સંસાર તેને જે કાંઇ આપી શકે તેમ છે તેની વાસ્તવ, ખરી કીંમત શું છે, એ બધું તે સમજતો હોવાથી તે મહાનુભાવ આત્મા માત્ર છેટે રહીને આ બધી ઘટનાને અવલોકયા કરે છે, અને પોતાનું પ્રાપ્ત કર્તવ્ય બરોબર ઘટતી સંભાળથી પોતાથી બને તેટલી સારામાં સારી રીતે ઉન્નત દશામાં રહી કરે છે. અને વિશેષમાં તેના અજ્ઞાન બંધુઓની ગાંડાઈ ઉપર કોઇવાર હસે છે.

અમને ઘણીવાર ઘણાક સજ્જનો તરફથી એવું પૂછવામાં આવે છે કે " ભાઇ, દુનીઆના દોઢે અબજ મનુષ્યો કદાચ તમારી સલાહ પ્રમાણે ચાલે તો તેની શી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દશા થાય ? વિશ્વનો ચાલતો વ્યવહાર તમારી શીખામણ મુજબ ચાલવા જઇએ તો, કાચી ઘડીમાં બંધ પડી જાય; અને સંસારને નભવાનું અવલંબન તુટી જાય. ” આના ઉત્તરમાં અમે એટલું જ કહીએ છીએ કે ઉપરની સલાહ પ્રમાણે બધા લોકો પોતાનું જીવન નિયમાવે તો વર્તમાન જીવન ઘટનાની ઇમારત એકદમ તુટી પડે તેની ના નથી, પરંતુ તેના સ્થાને તેનાથી અનંત ગુણ અધિક સુંદર, અધિક ભવ્ય, અધિક દિવ્ય જીવન-ઘટના પ્રતિષ્ઠિત થાય. પરંતુ આવો ઉત્તર દેવાની ખરી રીતે અમારે કશી જરૂર જ ઉભી થતી નથી. કેમકે નજીકના ભવિષ્યમાં ઉપર જણાવેલું શિક્ષણ જનસમાજનો મોટો ભાગ સ્વીકારવા તત્પર હોય એવી કાંઇ નિશાની કોઇ સ્થાને દેખાતી નથી. અલબત અમે જાણીએ છીએ કે ઘણા સમજુ મનુષ્યો પ્રતિ દીવસે આ શિક્ષણ પ્રતિ આકર્ષાતા જાય છે, અને તે ભાવનામાં પોતાના જીવનને ભેળવતા જાય છે, પરંતુ તે સંખ્યા ગમે તેટલી વધે છતાં એટલું તો સર્વને સ્વીકાર્યા વિના છુટકો નથી કે એ મહાનુભાવો સંસારના અસંખ્ય પ્રાકૃત ટોળામાં મુઠીભર જ રહેવાના. વિશ્વના મોટા ભાગમાં બહુધા એવા જ મનુષ્યો દૃશ્યમાન થાય છે કે જેમને હજી ઉન્નતિક્રમના ઘણા પગથીઆં વળોટવા અવશેષ છે, અને તે પછી જ ઉપરોક્ત ભાવનાના મંદિરમાં પગ મુકવા શક્તિમાન થાય તેમ છે. હજી તેમને અનેક કસોટીઓ, અનેક અનુભવો, અનેક પ્રયત્નો, અને કલહની પરંપરાઓમાં સોંસરૂં જવું બાકી છે, અને એ અનુભવોના અંતેજ તેમને આ શિક્ષણ પરિણમે તેમ છે. અત્યારે તો તેઓ આ ભણી દૃષ્ટિ પણ કરે તેમ નથી. કદાચ આ વાંચન તેમની નજરે પડશે, તેને આદ્યંત વાંચી જશે છતાં તેમનું અંતઃકરણ તેના ઉપર જામશે નહીં. હજી કાળ તેમને માટે પરિપાકની અવસ્થાએ પહોંચ્યો નથી. આપણા શાસ્ત્રોમાં “ કાળ લબ્ધિ ” નો ઉલ્લેખ છે તે નિરર્થક નથી. જમાનો હજી બાળકપણાની ભૂમિકાએ છે. કાળે કરીને તે વયે પહોંચશે, ત્યારેજ તેઓ આ સત્યનું સૌંદર્ય પોતાના હૃદયમાં ઝીલી શકશે અને તેની યથાર્થ કદર કરી શકશે. અત્યારે તો એકંદરે વિશ્વ હજી આ સત્ય તરફ પ્રથમ પગલું જ ભરે છે. અને આ બધું કહેતી વખતે, વિશ્વની. અજ્ઞાન દશા અને મુર્ખાઇ માટે અમે દીલગીર છીએ એવું કાંઇ જ નથી. અમે એવા દુખવાદી નથી. અમે આ પ્રમાણે કહીએ છીએ તે માત્ર તત્વ દૃષ્ટિએ એમ છે માટેજ કહીએ છીએ. વિશ્વની વ્યવસ્થા અને આત્માની ઉન્નતિનો ક્રમજ આ પ્રમાણે ગોઠવાયો છે, એના પ્રતિપાદનરૂપે, ( Statemant of fact ) તરીકે કહીએ છીએ. દુખવાદી હોવાને બદલે ઉલટુ અમે તો એમ માનીએ છીએ કે આ બધો જીવન-કલહ, કષ્ટ, કટુ અનુભવોની પરંપરાએ બધું અનિવાર્ય અને આત્માની ઉન્નતિ માટે આવશ્યક છે. યુગની અભિવ્યક્તિમાં એ બધા અનિવાર્યપણે આવશ્યક તત્વો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે આપણે આપણા ચાલતા વિષય ઉપર આવીએ. આસક્તિ રહિત કર્મ-દ્વારા ઇશત્વ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા મુમુક્ષુએ પ્રથમ જે કાંઇ ભાવનાનું પોતાના હૃદય સાથે ઐકય કરવાનું છે તે આ છેઃ–તેમણે જાણવું અને અનુભવવું જોઇએ કે તેઓ વિશ્વની આ અનંત યોજનામાં, તેના એક વિભાગ તરીકે છે. પ્રાણીમાત્રને આ જીવન લીલામાં પોતપોતાનું વ્યાજબી સ્થાન છે. અને પ્રાણીમાત્રે પોત પોતાનો ભાગ આ વિશ્વના નાટ્યમંચ ઉપર ભજવવો જોઇએ. અને તે સાથે આંતર દૃષ્ટિમાં નિરંતર એટલું સત્ય ધારણ કરી રાખવું જોઇએ કે જે ભાગ ભજવવાનો તેને પ્રાપ્ત થયો છે તે ભાગ ગમે તેટલો મહાન હોય, અગર તે મહાન વ્યાપારી, અધિકારી, નૃપતિ કે ચક્રવૃત્તિનો હોય તો પણ છેવટે તો તે અખિલ યોજનાનો એક કટકો માત્ર છે. સમગ્ર ઘટનાનો એક અણુ માત્ર છે. અનંત સૈનિકો માંહેનો એક સીપાઇ માત્ર છે, અને તે રૂપે ઉપયોગી થવાને, તેણે તૈયાર રહેવું જોઇએ. તે ગમે તેવો મહાન હોય પણ આ આખી ઇમારતનો તો એક પથ્થર વિશેષ છે. ભલે એ પથ્થર પાયા રૂપે યોજાયો હોય કે ઇમારતની વચમાં કે મથાળે ચણાવાનો હોય છતાં તે એક ક્ષુદ્ર અને છતાં ઉપયોગી વિભાગ કરતા તે કાંઇજ અધિક નથી. અન્યપક્ષે તે કદાચ દુનીઆની નજરે ગમે તેટલો હલકો, કિંમત વિનાનો, અકિંચિતકર ભાસતો હોય છતાં તેને પણ આ યોજનામાં તેનું યોગ્ય અને નિયત સ્થાન છે. તેના જીવનનો પણ કાંઇક હેતુ છે, ઉદ્દેશ છે, અને તે જીવન અને તેનો ઉદ્દેશ અખિલ યોજના સાથે અવિચ્છેદ્યરૂપે સંકળાએલો છે. ગમે તેટલું તુચ્છ ભાસતુ જીવન પણ નિરૂપયોગી નથી. અને ગમે તેટલું ઉપયોગી ભાસતું જીવન પણ અખિલનો એક સુક્ષ્મ વિભાગ કરતા કાંઇજ વિશેષ નથી. ગમે તેવું મહાન જીવન પણ આ મહાન યોજના જે નિયમથી પ્રવર્તી રહી છે તે નિયમને આધિન રહીને વર્તવા બંધાએલ છે. આપણે બધાએ, આપણે ભાગ આવેલો કર્તવ્યનો ફાળો, આપણી બુદ્ધિ જે સારામાં સારો માર્ગ બતાવે તેને અનુસરીને, સારામાંસારી રીતે બજાવવો જરૂરનો છે. એમ કરવાથી આપણે આપણી પોતાની ઉન્નતિ અને વિકાસ સાધીએ છીએ એટલુંજ નહી, પણ જે દૈવી યોજના આપણી આસપાસ કામ કરી રહી છે તેને પણ સફળ કરવામાં ફાળો આપીએ છીએ. દૈવી વ્યવસ્થાના ( Divine Plan ) ના આપણે બધા સાધનો હથીઆરો છીએ, અને એ તરીકે ઉપયોગી થવામાં આપણે આનાકાની કરવી એ નિયમની વિરૂદ્ધ વર્તવા તુલ્ય છે. અને તે સાથે એ પણ સ્મૃતિમાં રાખવાનું છે કે આપણે ફકત નિર્જીવ યંત્રોજ નથી, પણ મનુષ્યો છીએ. આપણું જીવન સર્વ જીવનની સાથે ગાઢપણે અભેદપણે સંકળાએલું છે, આપણે પ્રત્યેક વ્યકિત જીવનને કોઇયે કોઇ દીશાએથી નિરંતર સ્પર્શતાજ રહીએ છીએ આખા વિશ્વના હિત સાથે આપણું હિત સંકળા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવું છે. આ આખી સાંકળનો આપણે એક અંકોડો માત્ર છીએ. આપણે જે કાર્ય માટે નિર્માયા છીએ તે કાર્યની સિદ્ધિ અર્થે વપરાવા માટે આપણે તૈયાર ન રહીએ તો આ યોજનાની મધુર બંસીના શ્રુતિમનોહર સુરમાં બેસુરાપણું મળવાનું, ત્યાં તુટ પડવાની, ઘસારો ઉત્પન્ન થવાનો, દુઃખ અને દર્દના કારણો રચાવાના. આપણે જુદાપણાનું અભિમાન અને અહંત્વ દુર રાખી અખિલતામાં ઉપયોગી થવા તત્પર બનવું જોઇએ. અમે જાણીએ છીએ કે અમે આ નિર્બળ અને ગરીબ વાણીદ્વારા અમારા આશયનું મુદ્દલ પરિસ્ફોટન કરી શકતા નથી. આ વાકયો અમારા હૃદયમાં રહેલા અર્થસાથે સરખાવતા ઉભય વચ્ચે નહી ભાંગી શકાય તેટલુ મહાન અંતર રહે છે. છતાં એટલો તો અમને વિશ્વાસ છે કે જે પકવ હૃદય માટે આ સત્ય–પ્રતિપાદન અક્ષરાત્મકપણું ગ્રહણ કરે છે, તે હૃદય અમારા હૃદય માંહેના અર્થને તુર્તજ સમજી જશે, અને કદાચ અમારા આ નિર્બળ પ્રયત્ન માટે હસશે પણ. ખરા અને છતાં એ મુદ્દો સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરવામાં અમે અચકાશું નહીં. કાર્યની કઠીનતા જોઇને કાર્યને પડતું મુકવું યોગ્ય નથી. અમારા ભાગ જે ફાળો આવ્યો છે તે અમારે પણ અમારાથી બની શકે તેટલી સારામાંસારી રીતે બજાવવાના ઉદ્યોગમાં કચાશ રાખવી નજ જોઇએ.

આપણું જીવન આપણા એકલાજ માટે નથી પરંતુ સર્વના માટે છે, આપણે સર્વ સાથે સબંધવાળા છીએ, એ ભાન કદાચ આપણને વર્તમાનમાં બહુ ગૌણપણે અનુભવાતું હશે, છતાં તત્વદ્રષ્ટિએ જોતાં વ્યકિતજીવન, સમષ્ટિજીવન સાથે અત્યંત નિકટ ભાવે જોડાએલું છે, અને જનસેવા, પરોપકાર, પ્રેમ, દયા, આદિની સુંદર ભાવનાઓ એ સત્ય ઉપરજ અવલંબીને રહેલી છે. જો આ વિશ્વનું પ્રત્યેક વ્યકિત ગતજીવન નિરાળુ અને પરસ્પરથી સંબંધહિન હોત તો, જનસેવા, પરોપકાર, પ્રેમ, દયા, અનુકંપા આદિ શબ્દો છેકજ અર્થહીન ગણાત. કેમકે જો વ્યકિત વ્યકિત પ્રત્યે કોઇ પ્રકારનો ધાતુગત આત્મગત, સ્વાભાવિક સંબંધ ન હોત તો ઉપરની ભાવનાઓને અનુસરતું આચરણ કયા હેતુ માટે હોવું સંભવે ? અથવા કઇ આંતરિક સહજ વૃતિમાંથી એ હૃદયવેગ ઉત્પન્ન થાય ? ખરૂં છે કે એકતાનું ભાન આ કાળે આ ભૂમિકાએ મનુષ્યને અવ્યકત અને અગોચર છે, છતાં પ્રિયબંધુ, જો તમે તમારા હૃદયને એકાંતમાં સરલભાવે પુછી જોશો તો ત્યાંથી એજ ઉત્તર મળવાનો કે “ પ્રાણીમાત્ર, જીવનમાત્ર સાથે હું અછેદ્યભાવે સંબંધ યુકત છું.” આ સત્યને તમારા અંતઃકરણમાં બને તેટલું દ્રઢપણે સ્થાપો, તે તમને અત્યંત ઉપયોગી અને આત્મસાધનના ક્રમમાં અનિવાર્યપણે આવશ્યક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રકીર્ણ.

## ચારૂપતીર્થનું લવાદથી સમાધાન.

દરેક વસ્તુસ્થિતિ માટે તેની બંને બાજુ તપાસ્યા સિવાય અભિપ્રાય આપવા દોડી જતાં કેટલીક વખત સાહસ કર્યું ગણાય છે, અને કલેશ ઉદ્દભવવાનો પણ સંભવ છે, અને તેમાં ધર્મની બાબતોમાં તો ખાસ વિચારવા જેવું છે. કારણકે સમાજનો તેની સાથે નીકટ સંબંધ છે. ચારૂપતીર્થ માટે પણ અત્યાર સુધીનું અવલોકન કરતા જોઇ શકાયું છે કે ચારૂપતીર્થનું ઘરમેળે સમાધાની લાવવા માટે પાટણ નિવાસી સદ્દગૃહસ્થ **શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળાને** જૈન સમાજ તરફથી પંચ નીમ્યા તેટલુંજ નહીં, પરંતુ જે ન બની શકે તેવું શિવધર્મીઓ તરફથી પણ તેમને જ પંચ નીમવામાં આવ્યા ! જેને માટે જૈન કોમે ખરેખર મગરૂર થવા જેવું બન્યું છે. તે વાતને તો કેટલાક (લવાદનો ફેસલો નહિ પસંદ કરનારા) પાટણ નિવાસી જૈનબંધુઓએ કોરે મૂકી ખાલી કોલાહલ મુખદ્વારા, ન્યુસપેપરદ્વારા કરી ઉલટું સામી બાજુના શીવધર્મીઓમાં હાંસી કરાવી તેટલુંજ નહીં પરંતુ જૈન સમાજમાં કુસંપ છે તેવું બતાવ્યું છે. લવાદનામું આપતાં વિચાર કર્યો નહી, ફેસલો સંભળાવતા, ફેસલાનો અમલ થતાં સુધી પણ કોઇ બોલ્યું નહીં, ત્યારબાદ અમુક દિવસ પછી ( જો કે અમલ થયા પછી જરાપણ જરૂર રહેતી નથી છતાં ) ફેસલા વિરૂદ્ધ હકીકત બહાર આવે છે. છેવટે અનેક હકીકતો પેપરદ્વારા પ્રસિદ્ધ થયા બાદ ફેસલા વિરૂદ્ધ હકીકત જે પેપરમાં આવતી હતી તેવા પેપરોએ પણ ફેસલો યોગ્ય થયો છે એમ હાલમાં પ્રકટ કરેલ છે. શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળાએ પોતાના અમૂલ્ય વખતનો ભોગ આપી બંને બાજુને સંતોષ આપવા ( અને જૈન દેવાલયમાંથી અન્ય દેવની મૂર્તિને બીજે સ્થળે રાખવા જે હકીકત કાયમના બંને ધર્મવાળાને માટે કલેશનું મૂળ હતી તેને માટે ) યોગ્ય કર્યો છતાં અને હમેંશાને માટે બંને વચ્ચે શાંતિ સમાધાની રહે તેમ કરવા છતાં અન્ય કોમની વાત બાજુએ મૂકીયે પરંતુ પોતાના બંધુઓ જેમાં છે તેવી જૈન કોમના તે શહેરના અમુક માણસો ઉક્ત શેઠને ધન્યવાદ—માનપત્ર આપવાને બદલે (તેઓએ) કરેલા કાર્યની અવગણના અને એકદર કરે તે જૈનો માટે અન્ય કોમ શું સમજશે ?

આગળ પાછળની હકીકત તપાસતાં, ચાલેલા કેસનું અવલોકન કરતાં, લવાદના ફેસલામાંનો પણ આગળ પાછળનો સંબંધ જોતાં અમોને કાંઇ તેમાં વિરૂદ્ધ હોય તેમ જણાતું નથી. જૈન-ધર્મના અનેક ઝગડા-કેશો કોર્ટોમાં જતાં હજારો અને લાખો રૂપૈયા દેવદ્રવ્યના ખરચાતા વખતનો અપરિમીત ભોગ અપાય છે અને નફામાં કુસંપ કાયમ રહે છે તેવા સંજોગો અનેક વખત જોવાય છે તેવું છતાં આ પવિત્ર તીર્થની બાબતમાં ભવિષ્યમાં કલેશ બીલકુલ રહેતો નથી તેમ ફેસલા ઉપરથી જોવાય છે અને ખર્ચમાંથી બચ્યા છીયે તેને માટે લવાદ પુનમચંદ શેઠને અમો ધન્યવાદ આપીયે છીએ, તેવીજ રીતે જૈન કોમના પણ તે હજારો ધન્યવાદને પાત્ર છે એટલુંજ નહીં પરંતુ ચારૂપતીર્થના કરેલા આ ફેસલા માટે જૈન કોમ તરફથી મુબારકબાદી યા માનપત્ર આપવાને અને તેઓશ્રી લેવાને માટે દરેક રીતે યોગ્ય હોઇને તેવું કાંઇ પણ શેઠ પુનમચંદજી કરમચંદજી કોટાવાળા માટે જૈનકોમે કરવાની જરૂર છે એવી અમો નમ્ર સુચના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## મુનિરાજ શ્રી લલિતવિજયજી મહારાજનું અમદાવાદમાં ચાતુર્માસ માટે પધારવું.

### વડી દિક્ષા અને તે પ્રસંગે જ્ઞાનખાતાને મળેલી સારી રકમની ભેટ.

અનેક સ્થળે ઉપકાર કરતા ઉક્ત મહાત્મા વડોદરા મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજની સેવામાં હાજર થયા બાદ અમદાવાદ—લુણસાવાડાના શ્રી સંઘનું એક ડેપ્યુટેશન ચાતુર્માસ માટે આમંત્રણ કરવા ગયેલ જેને માન આપી શ્રીમાન્ હંસવિજયજી મહારાજની આજ્ઞાથી મુનિરાજ શ્રી લલિતવિજયજી મહારાજનું આનંદ અને ઉત્સાહપૂર્વક સામૈયું થયા બાદ અમદાવાદ લુણસાવાડે પધાર્યા, બાદ દિવસાનુદિવસ ધર્મની વૃદ્ધિ થવા સાથે અનેક ધાર્મિક કાર્યો થવા લાગ્યા જેમાં વડી દિક્ષા અને તે પ્રસંગે જ્ઞાનખાતાને એક સારી રકમની ભેટ મળેલી છે.

**વડી દિક્ષા અને તે પ્રસંગે જ્ઞાનખાતાને મળેલી મદદ**—અમદાવાદ લુણસાવાડે મોટી પોળના ઉપાશ્રયે શ્રીમાન્ લલિતવિજયજી મહારાજના શિષ્ય પ્રભાવવિજયજીની વડી દિક્ષા નિમિત્તે અસાડ સુદી ૧૦ ને ગુરૂવારે એક ભવ્ય મેળાવડો ભરવામાં આવ્યો હતો. દિક્ષા આપવાને માટે વિદ્યાશાળાના ઉપાશ્રયેથી શ્રીમાન્ પન્યાસજી મહારાજ શ્રી સિદ્ધિવિજયજી મહારાજ પધાર્યા હતા તેમજ લુહારની પોળ, ટેમલાની પોળ તથા આંબલી પોળના ઉપાશ્રયેથી પણ મુનિરાજો પધાર્યા હતા. અને સાધ્વીજીઓનો સમુદાય પણ સારો હતો. મુનિ મહારાજ શ્રી પ્રેમવિજયજી મહારાજે વિરતીના ફળ વિષે વ્યાખ્યાન કર્યું હતું તે પછી પ્રસિદ્ધવક્તા શ્રીમાન લલિતવિજયજી મહારાજે આવા પ્રસંગોમાં શ્રાવકોના ઉચિત કાર્ય વિષે ઉપદેશ આપ્યો હતો તેથી શ્રોતાઓનું મન આકર્ષાયું હતું. ત્યારબાદ તેઓશ્રીની પ્રેરણાથી સાહિત્યપ્રેમી મુનિ મહારાજ શ્રી વિનયવિજયજી મહારાજે વિદ્યા પઠન—પાઠન કરવાના ફાયદા અને તેટલાજ માટે તન, મન, ધનથી શ્રીમદ હંસવિજયજી જૈન લાયબ્રેરીને મદદ કરવા તથા લાયબ્રેરીમાં વાંચવાની સંખ્યા વધારવા માટે અનેક દાખલા દલીલો આપી સમજાવ્યું હતું, ત્યારબાદ શા. કેશવલાલ જમનાદાસ પાલખીવાળા, શા. દોલતચંદ પુરસોતમદાસ બરોડીઆ બી. એ. તથા શા. રતનચંદ મુળચંદ સુતરીઆ વિગેરેએ વિવેચન કર્યાં હતાં.

લાયબ્રેરીને મદદમાં નીચેના ગૃહસ્થોએ ફાળો આપ્યો છે. ૫૦૧) શા. જેશંગભાઇ છોટાલાલ સુતરીઆ, ૫૦૧) શા. દોલતરામ કાળીદાસ, ૩૦૧) શા. જેસંગભાઇ ઉગરચંદ દલાલ, ૩૦૧) શા. છોટાલાલ મલુકચંદ, ૨૦૧) શા. ભોગીલાલ છોટાલાલ સુતરીઆ, ૨૦૧) મોહનલાલ છોટાલાલ પાલખીવાળા, ૨૦૧) શા. કેશવલાલ જમનાદાસ પાલખીવાળા, ૧૫૧) પટેલ ચમનલાલ મગનલાલ દલાલ, ૧૫૧) શા. નાથાલાલ જેઠાલાલ દલાલ ફોફાવાળા, ૧૫૧) શા. અચરતલાલ ઉમેદરામ. ૧૫૧) શા. મણીલાલ હીરાચંદ દલાલ, ૧૫૧) શા. મુળચંદ જમનાદાસ, ૧૫૧) પ્રોફેસર સાંકળચંદ મફતલાલ શાહ, ૧૫૧) શા. ડાહ્યાભાઇ મલુકચંદ મહેતા, ૧૫૧) શા. રતનચંદ મુળચંદ સુતરીઆ, ૧૫૧) શા. હરીલાલ ઉગરચંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વડોદરા રાવપુરામાં થયેલો જૈન વિદ્યાર્થીઓનો ઇનામનો મેળાવડો.

તા. ૧૩–૬–૧૯૧૭ ( મેળાવડાનો દિવસ ).

પ્રથમ મંગળા ચરણ કર્યા બાદ ડાહ્યાભાઇએ શ્રી લક્ષ્મીવીજય પાઠશાળાનો અથથી ઇતિ સુધી રીપોર્ટ સંભળાવી બતાવેલો હતો. પહેલાં આ પાઠશાળાની સ્થીતી તથા આજસુધીની સ્થીતીમાં ઘણાં અંશે ફેરફાર થયેલો છે, તથા દરવર્ષે છોકરા તથા છોકરીઓને ઇનામ વહેંચવામાં આવે છે. તથા આ પાઠશાળાની પરીક્ષા આ વખતે મુનીશ્રી કુસુમવિજયજીએ લીધેલી હતી. એક બાલીકાએ પોતાની બેનોને ધાર્મિક જ્ઞાન મેળવવા અવશ્ય પ્રયત્ન કરવો જોઇએ એવું ભાષણ આપેલું હતું. આટલું થયા બાદ વડોદરાનિવાસિ વકીલ નંદલાલ લલ્લુભાઇએ પાસ થયેલા વિદ્યાર્થીઓના માર્કસ વાંચી બતાવેલા હતા. ત્યારબાદ ઇનામ સુમારે રૂા. ૧૨૦) નું શા. કેશવલાલ લાલચંદ રાવપુરાવાલા તરફથી આપવામાં આવેલું હતું, ત્યારબાદ મહારાજશ્રીએ બોધ કરેલો હતો.

## પ્રમુખ સાહેબ શ્રી હંસવિજયજી મહારાજ સાહેબનું ભાષણ.

જ્ઞાનાનંદી સજ્જનો ! આજરોજ:આ ઇનામી મેલાવડો જોઇ મને ઘણો હર્ષ ઉત્પન્ન થાય છે. તેનું કારણ એ છે કે જે જ્ઞાનશાલાઓના વિદ્યાર્થીઓને પારિતોષિક આપવા આપ ઇહાં એકત્ર થયા છો તે શાલાઓ પૈકી શહેરની જૈનશાલા અમારા પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીયશ્રી વિજયાનંદ સૂરીશ્વરજી ઉર્ફે શ્રી આત્મારામજી મહારાજના નામથી અલંકૃત થયેલી છે અને મામાની પોળની જૈનશાલા અમારા ગુરૂવર્ય શ્રી લક્ષ્મીવિજયજી મહારાજના નામથી અલંકૃત થએલી છે. તેથી મને અધિક હર્ષ થાય છે. કેટલાએક સદ્ગ્રહસ્થો દેખરેખ પણ રાખે છે, તેથી સંતોષ થાય છે. મહાશયો નિર્વિવાદ છે કે બગીચાનો શોખીન માણસ બાગમાં જ્યારે અનેક જાતિનાં ફલફૂલને આપનાર વૃક્ષોના છોડવા વાવે છે, અને તે જ્યારે તૈયાર થઇ અનેક તરેહનાં ફલફૂલ આપે છે, ત્યારે તે ઘણોજ આનંદિત થાય છે. તેવીજ રીતે આ સંસ્થાના સ્થાપક તરીકે તેનું પરીણામ જોઇ મને પણ હર્ષ થાય તે સ્વાભાવિક છે. સુજ્ઞજનો હવે આવા મેળાવડાથી શું ફાયદો છે તે તરફ આપનું ધ્યાન ખેંચીશ.

સુજનો ! ઇનામી મેલાવડાનો હેતુ એ છે કે વિદ્યાર્થીઓને સારૂ ઉત્તેજન મળે છે અને તેથી તેઓ હરીફાઇમાં આવી પોતાનો અભ્યાસ આગલ વધારવા ઉત્કંઠીત થાય છે. અને વધતાં વધતાં પોતે માસ્તર બની જાય છે અને બીજાઓને અભ્યાસ કરાવતા પરંપરાએ તેઓ જ્ઞાનના એક મોટા પ્રવાહને ચલાવનારા થઇ પડે છે વાસ્તે અગ્રગણ્ય ગ્રહસ્થોએ આવા ઉત્તમ કાર્યમાં મદદ કરવા હમેશાં કટિબદ્ધ રહેવું જોઇએ.

સજ્જનો ઇંગ્રેજી કેળવણી લેનાર અને બીજા તમામ વિદ્યાર્થીઓને સોનેરી અક્ષરથી લખી રાખવા લાયક એક દાખલો આપું છું. કે અમદાવાદ લુણસાવાડાની લાયબ્રેરીમાં પ્રમુખપદ ભોગવનાર સાંકલચંદ નામનો એક છોકરો હતો તેની માતા બાલપણથી મરણને. શરણ થઇ હતી. તેથી તેને ઓરમાન માતા તરફથી ઘણું દુઃખ પડતું હતું તેની બુદ્ધિને જોઇ બીજા સદગૃહસ્થો તેને તમામ તરેહની મદદ કરવા કહેતા ત્યારે તે છોકરો કહેતો કે મને દુઃખ પડે છે તેમાં મારી માતાનો દોષ નથી કિંતુ મારા કર્મનો દોષ છે વાસ્તે માતાપિતાની સેવામાં રહિ વિદ્યા સંપાદન

For Private And Personal Use Only

કરવા ધારૂં છું એમ કહી તે પોતાનો અભ્યાસ જારી રાખતો હતો. તેને ઘરનો કચરો કાઢવાથી લઇને વાસણ માંજવા સુધીનું કામ કરવું પડતું એટલુંજ નહિં બલ્કે બાલકોને હીંચોળવાનું કામ પણ તેને કરવું પડતું હતું.

જ્યારે તેની વિમાતા પોતાના બચ્ચાને હિંચોળવાનું કહેતી ત્યારે તે વિદ્યાર્થી છોકરો ઘોડીયાની દોરી પોતાના પગના અંગુઠે લપેટી હિંચોળવાનું કામ પગદ્વારા કરતો અને અભ્યાસનું કામ હાથમાં બુક રાખી કરતો રહેતો. આવી રીતે કષ્ટ સહન કરી તેણે એમ. એ ની પરિક્ષા પસાર કરી અને હાલમાં જે, કોલેજમાં તેઓ વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરતા હતા, તેજ અમદાવાદની કોલેજમાં પ્રોફેસર થયા છે અને ૨૧૦ નો માસીક પગાર મળે છે. તથાપિ તેઓ ધર્મની લાગણી ધરાવે છે અમોએ અમદાવાદથી વિહાર કર્યો ત્યારે તેઓ પગે ચાલતા હમારી સાથે કેટલા એક ગામો સુધી આવ્યા હતા અને રાત્રીમાં પણ ધર્મ સંબંધી તાત્વિક પ્રશ્નો કરતા રહેતા હતા.

આ દાખલો લઇ ગમે તેવા કષ્ટમાં પણ વિદ્યાર્થીઓએ પોતાનો અભ્યાસ આગળ વધારવો અને ઇંગ્રેજી ભણનારા શ્રદ્ધાભ્રષ્ટ હોય છે એવા કલંકને દુર કરી ધર્મચુસ્ત થવું એટલું કહ્યા બાદ મુનિ કુસુમવિજયજીએ અને મુનિશ્રી લલિતવિજયજીએ અસરકારક ભાષણો કર્યાં હતાં. ત્યારબાદ મેળાવડો વિસર્જન થયો હતો.

## શ્રી મહાવીર વિદ્યાલય તરફથી આ વર્ષે પરિક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓનું પરિણામ.

| બેઠેલા | | પસાર | બેઠેલા | | પસાર |
|---|---|---|---|---|---|
| ૨ | બી. એ. | ૨ | ૩ | ઇન્ટર આર્ટસ | ૨ |
| ૧૧ | પ્રીવીયસ | ૧૧ | ૪ | ફર્સ્ટ મેડીકલ | ૨ |
| ૪ | ઇન્ટર કોમર્સ | ૩ | ૧ | સેકન્ડઇયર ડાક્ટરી | ૧ |
| ૧ | જુનીયર બી. કોમર્સ | ૧ | ૨ | જુનીયર બી. એ. | ૨ |
| | | | ૨૮ | | ૨૪ |

બી. એ. માં એક વિદ્યાર્થી ઓનર્સ સાથે સેકન્ડ ક્લાસ, પ્રીવીયસમાં ત્રણ અને ઇન્ટર કોમર્સ એક વિદ્યાર્થી સેકન્ડ ક્લાસમાં આવેલ છે. પરિણામ ૮૬ ટકા આવ્યું છે.

## ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) મહારાજના પરિવાર મંડળના મુનિરાજોના ચાતુર્માસ અને તેઓશ્રીને વિનંતિ.

શ્રીમદ્ આચાર્ય મહારાજ શ્રી વિજયકમળસૂરિ તથા વ્યાખ્યાન વાચસ્પતિ મુનિરાજશ્રી લબ્ધિવિજયજી વગેરે—**કપડવંજ** શ્રાવકનો ઉપાશ્રય.

શ્રીમાન ઉપાધ્યાયજી મહારાજશ્રી વીરવિજયજી મહારાજ તથા પંન્યાસજી મહારાજશ્રી દાનવિજયજી મહારાજ વગેરે. **ભરૂચ** શ્રાવકનો ઉપાશ્રય.

શ્રીમાન્ પ્રવર્તકજી મહારાજ શ્રીકાન્તિવિજયજી મહારાજ, શ્રીમાન્ મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી વિમળવિજયજી મહારાજ વગેરે **મુંબઇ** શ્રી ગોડીજી મહારાજના દેરાસરનો ઉપાશ્રય પાયધુની.

શ્રીમાન્ મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજ તથા શ્રીમદ્ પંન્યાસજી મહારાજશ્રી સંપતવિજયજી વગેરે **વડોદરા**—ઘડીયાળીપોળ શ્રાવક ઉપાશ્રય.

શ્રીમાન મુનિરાજશ્રી જયવિજયજી મહારાજ વગેરે **જામનગર**—શ્રાવકનો ઉપાશ્રય.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિરાજશ્રી ભક્તિવિજયજી મહારાજ વગેરે વરતેજ જીલ્લા ભાવનગર.
શ્રીમાન્ મુનિરાજશ્રી કલ્યાણવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી હેમવિજયજી મ.—પાલીતાણા.
મુનિરાજશ્રી લલિતવિજયજી મહારાજ વગેરે અમદાવાદ—લુણસાવાડે તથા
મુનિરાજશ્રી પ્રેમવિજયજી મહારાજ વગેરે અમદાવાદ—ડોસીવાડાના પોળ-ઉપાશ્રય.
મુનિરાજશ્રી વિનયવિજયજી મહારાજ અમદાવાદ—આંબલી પોળનો ઉપાશ્રય.
મુનિરાજશ્રી માનવિજયજી વગેરે ડભોડા ગુજરાત.
મુનિરાજશ્રી કીર્તિવિજયજી વગેરે—વડનગર ગુજરાત.
મુનિરાજશ્રી મોતીવિજયજી વગેરે ડભોઈ—ગુજરાત.

ઉપર પ્રમાણે અમોને મળેલા સમાચાર પ્રમાણે પ્રસિદ્ધ કરેલ છે, બાકીના ઉક્ત પરિવારના જે જે મુનિમહારાજાએ જ્યાં જ્યાં ચાતુર્માસ બીરાજમાન હોય તેઓએ અમોને લખી જણાવવું જેથી આવતા અંકમાં તે પ્રસિદ્ધ કરવામાં આવશે.

# ગ્રંથાવલોકન.

**હૃદય પ્રદીપ**—અહીંની શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન સભા તરફથી પ્રકટ થયેલ "હૃદય પ્રદીપ" ( Light of the Soul ) નામનું ન્હાનકડું પુસ્તક અમને અવલોકનાર્થે મળ્યું છે, જે સાભાર સ્વીકારીએ છીએ. પુસ્તક ન્હાનું હોવા છતાં સર્વને અત્યુપયોગી નીવડે તેમ છે. અને અંગ્રેજી ભાષાંતર સરલ ભાષામાં લખાયલું છે. અંગ્રેજી ટીકાની સાથે સાથે જો તે ટીકાનું પણ ગુજરાતી ભાષાંતર બીજી આવૃતિ વખતે થાય તો તે વધારે ઉપયોગી બનશે.

આ નાની બુકમાં, જેનું હૃદય પ્રેમાળ હતું અને જે એક સજ્જન પુરૂષ હતા તેવા એક જૈન બંધુ સદ્ગત લલ્લુભાઇ મોતીચંદ મહેતા બી. એ. એલ એલ. બી. એમના અનુકરણીય જીવનની રેખા તેમના ફોટા સાથે આપેલી છે, જે પુરૂષ ખરેખર એક નરરત્ન હતા. સ્વર્ગવાસી એ સદ્ગૃહસ્થને માટે અનેક સજ્જનો અને વિદ્વાનોએ ઉંચો મત દર્શાવેલ છે.

**श्रीविशेषशतकम्**—આ ગ્રંથના કર્તા શ્રીમાન્ સમયસુંદરગણિ છે અને તેના સંશોધક મુનિશ્રી સુખસાગરજી છે. આ ગ્રંથમાં જુદા જુદા ઉપયોગી ૧૦૦ વિષયો આપવામાં આવ્યા છે, જેના ખુલાસા શાસ્ત્રાધાર સાથે આપવામાં આવેલા હોવાથી વાંચવા જેવો છે. સાધુ સાધ્વી વગેરેને પ્રકાશક શેઠ લખમીચંદજી અમરચંદજી વેદ વેલનગંજ આગ્રા. લખવાથી ભેટ મળી શકશે.

**પરિશિષ્ટ પર્વ**—ઐતિહાસિક પુસ્તક પ્રથમ-જેના હિંદી અનુવાદ લેખક શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) મહારાજના પ્રશિષ્ય મુનિરાજ શ્રી વલ્લભવિજયજીના શિષ્ય મુનિરાજ શ્રી લલિતવિજયજીના શિષ્ય મુનિરાજ તિલકવિજયજી છે.

આવા ઇતિહાસિક-કથાનક ગ્રંથનું ગુજરાતી ભાષામાં ભાષાંતર થઇ પ્રસિદ્ધ થયું હોત તો ગુજરાત, કાઠીયાવાડના જૈન બંધુઓ વધારે સારો લાભ લઇ શકત, પરંતુ તે હીંદી ભાષામાં થયેલું હોવાથી પંજાબ, મારવાડ, બેંગાલની જૈન પ્રજાને માટે તે યોગ્ય છે—ઉપયોગી છે. હિંદી ભાષામાં પણ સાહિત્યનો વધારો થયેલો જોઇ ખુશી થઇયે છીયે તેની પણ જરૂરીયાત છે. ભાષાંતર સરલ હીંદી ભાષામાં છે તે સામાન્ય જન પણ તેનો લાભ લઇ શકે તેવું છે. આ ગ્રંથ પ્રસિદ્ધ કરનાર જે સંસ્થા છે અને તે સંસ્થામાં પ્રથમ જે નામનું સુચન કરેલું છે, તેના સ્વર્ગવાસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂજ્યપાદ શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) મહારાજનીજ છબી આપવામાં આવી હોત તો તે સુંદરતામાં ખરેખર વધારો થાત એમ અમે માનીયે છીયે. મૂલ્ય રૂ. ૧-૦-૦ શ્રી આત્મ-તિલક ગ્રંથ સોસાઇટી-જામનગર લખવાથી મળી શકશે.

**ત્રિસ્તુતિકમત—મિમાંસા,** લેખક મુનિ શ્રી કલ્યાણવિજયજી, પ્રકાશક એલ. એ. પોરવાડ મુ. ગુડા બાલોતરા ( મારવાડ ) વાળા છે. કોઇ પણ ગ્રંથની મિંમાસા કરવી હોય તો તે હદમાં રહીને થઇ શકે છે, પરંતુ આ ગ્રંથની પ્રસ્તાવના વાંચતાં જ માલમ પડે છે કે આવા અંદર અંદરના કલેશ વધારનારા ગ્રંથો પ્રસિદ્ધ થવાથી જૈન સમાજને નુકશાન છે અને જૈનેતરમાં હાંસીપાત્ર થવું પડે છે. આવા ખંડન-મંડનના લખાણોથી કુસંપની વૃદ્ધિ થાય છે, તેટલુંજ નહીં પણ આ જમાનો તે માટે નથી. જેથી આવા ગ્રંથો-લખાણો ન પ્રસિદ્ધ થાય એમ ઇચ્છીયે છીયે.

# જાહેર ખબર.

શ્રી શ્વેતાંબર મૂર્ત્તિપૂજક જૈનોને નિવેદન કરવાનું કે, 'શેઠ ત્રિભોવનદાસ ભાણજી જૈન કન્યાશાળા' માટે સુશિક્ષિત સ્ત્રી શિક્ષકો તૈયાર કરવાની શેઠ નરોત્તમદાસ ભાણજીની ઇચ્છા છે. તેટલા માટે જે સ્ત્રીની રાજકોટ અગર અમદાવાદ ફીમેલ ટ્રેનિંગ કોલેજમાં દાખલ થવાની ઇચ્છા હોય, તે સદરહુ પ્રવેશક પરિક્ષા આપી તેમાં સારે નંબરે દાખલ થશે તો તેને ત્રણે વરસનો કોલેજમાં રહેવાનો ખર્ચ શેઠ આપશે. આવી રીતે જેટલાં વર્ષ ખર્ચ લીધો હશે તેટલાં વર્ષ મજકુર શાળામાં નોકરી કરવી પડશે. ફીમેલ ટ્રેનિંગ કોલેજની પ્રવેશક પરિક્ષા કન્યાશાળાના પાંચમાં ધોરણમાં લેવાય છે. તથા પંદરથી પચીશ વર્ષ સુધીની સ્ત્રીઓને દાખલ કરવામાં આવે છે. માટે જે જૈન સ્ત્રીઓને આવી રીતે લાભ લેવાની ઇચ્છા હોય તેમણે પોતાનો અભ્યાસ, ઉમ્મર, વતન વગેરે હકીકતવાળી અરજી નીચે સહી કરનારને તાકીદે મોકલવી. ઉમેદવારને જૈન શાસ્ત્રનું જ્ઞાન હોવું જોઇએ તથા તેમાં વધારો કરવો જોઇએ.

શેઠ ત્રિભોવનદાસ ભાણજી,
જૈન કન્યાશાળા.
ભાવનગર તા. ૨૩-૬-૧૭

હરગોવીંદ મોતીલાલ ગાંધી.
કુંવરજી મુળચંદ શાહ.
ઓ૦ સેક્રેટરીઓ.

## નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧ | બાબુસાહેબ રતનલાલજી ચુનીલાલજી ઝવેરી. | પે૦ વ૦ લાઇફમેમ્બર. | મુંબઇ. |
| ૨ | શેઠ હીરાલાલ બકોરદાસ. | „ | રાંધનપુર હાલ „ |
| ૩ | શેઠ ચુનીલાલ ત્રીકમલાલ. | „ | „ „ |
| ૪ | શેઠ ભભુતભાઇ વહાલુભાઇ મહેતા. | „ | પાલનપુર હાલ મુંબઇ. |
| ૫ | શેઠ લલ્લુભાઇ કરમચંદ દલાલ. | બી૦ વ૦ લાઇફમેમ્બર. | મુંબઇ. |
| ૬ | શેઠ સોમચંદ ભગવાનદાસ. | „ | „ |
| ૭ | ઘડીયાળી સાકરચંદ માણેકચંદ ઝવેરી. | „ | „ |
| ૮ | શેઠ હીરાલાલ સ્વરૂપચંદ નાણાવટી. | પે૦ વ૦ વાર્ષિક મેમ્બર. | મુંબઇ. |
| ૯ | શેઠ લક્ષ્મીચંદ લલ્લુભાઇ. | „ | અમદાવાદ. |
| ૧૦ | શેઠ ઉમેદચંદ દોલતચંદ બરોડીયા, બી. એ. | „ | મુંબઇ. |
| ૧૧ | શાહ માણેકલાલ નાનજી. | „ | ભાવનગર હાલ મુંબઇ. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું-છપાતા ઉપયોગી ગ્રંથો.

## માગધી-સંસ્કૃત મૂળ, અવચૂરિ ટીકાના ગ્રંથો.

૧ "સત્તરીસય ઠાણુ સટીક" શા. ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.
૨ "સિદ્ધ પ્રાભૃત સટીક" પ્રાંતિજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીના સ્મરણાર્થે, હા. શેઠ મગનલાલ કરમચંદ તરફથી.
૩ "રત્નશેખરી કથા" શા. હીરાચંદ મહેલચંદની દીકરી બેન પશીબાઈ પાટણવાળા ત.
૪ "દાનપ્રદીપ" શા. મુળજી ધરમશી તથા દુલભજી ધરમશી પોરબંદરવાળા ત.
૫ "શ્રીમહાવીર ચરિત્ર" શ્રી નેમચંદ્ર સૂરિ કૃત. શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજી ધરમશી પોરબંદરવાળા તરફથી શા. મુળજી ધરમશીના સ્મરણાર્થે.
૬ "ષટ્સ્થાનક પ્ર-સટીક" શા. પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઈ રળીયાતબાઈ માંગરોળવાળા તરફથી.
૭ "બંધહેતૂદય ત્રિભંગી સટીક" શા. ફુલચંદ વેલજી માંગરોળવાળા તરફથી.
૮ "સુમુખાદિમિત્ર ચતુષ્ક કથા" શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસ પાટણવાળા તરફથી.
૯ "ચૈત્યવંદન મહાભાષ્ય" શા. હરખચંદ મકનજી પ્રભાસપાટણવાળા તરફથી.
૧૦ "પ્રતિક્રમણ ગર્ભ હેતુ" શા. મનસુખલાલ લલ્લુભાઈ પેથાપુરવાળા તરફથી.
૧૧ "સંસ્તાર પ્રકીર્ણ સટીક" શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા તરફથી.
૧૨ "શ્રાવકધર્મ વિધિ પ્રકરણ સટીક" શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા તરફથી.
૧૩ "ધર્મ પરિક્ષા જિનમંડનગણિ કૃત" બે શ્રાવિકાઓ તરફથી.
૧૪ "પંચનિગ્રંથીસાવચૂરિ" ૧૫ "પર્યંત આરાધના સાવચૂરિ"
૧૬ "પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણીસાવચૂરિ" ૧૭ "બંધોદયસત્તા પ્રકરણ સાવચૂરિ"
૧૮ "પંચસંગ્રહ" શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા તરફથી.
૧૯ "ષડ્દર્શન સમુચ્ચય" શેઠ જીવણભાઈ જેચંદ ગોધાવાળા તરફથી.
૨૦ "ઉત્તરાધ્યયન સૂત્ર" શ્રીમદ્ ભાવવિજયજી કૃત ટીકા. બાબુ સાહેબ ચુનીલાલજી પન્નાલાલજી પાટણવાળા તરફથી
૨૧ "શ્રી વિજયાનંદ કેવળી ચરિત્ર (મૂળ) પાટણ નિવાસી બેન રૂક્ષમણિ તરફથી.
૨૨ प्राचिन लेख संग्रह. ( વિસ્તારયુક્ત ટિપ્પણી અને ઉપોદ્‌ઘાત સાથે. )
૨૩ विज्ञप्ति संग्रह.
૨૪ विजयदेव महात्म्य. ( બે ભાગમાં ભાષાંતર વિગેરે ઉપયોગી માહેતી સાથે.)
૨૫ जैन ग्रंथ प्रशस्ति संग्रह. ( જૈન ઇતિહાસનાં અંગભૂત સાધનો. )
૨૬ जैन ऐतिहासिक रास संग्रह. ૨૭ प्राचीन पांचमो कर्मग्रंथ. बाइ मणीबाइ जामनगरवाळा तरफथी.
૨૮ लिंगानुशासन-स्वोपज्ञ टीका. ૨૯ धातुपारायण.

For Private And Personal Use Only